RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 94* Date: 23.01.2023, Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

એક્ટિવિસ્ટે તુર્કિયે દૂતાવાસની બહાર કુરાન સળગાવ્યું

પોલીસે તેને મંજૂરી અને સુરક્ષા આપી, ઈસ્લામિક દેશોએ ઘટનાને 'હેટ ક્રાઈમ' ગણાવી

સ્ટોકહોમ,તા.૨૨

સ્વીડનની રાજધાની સ્ટોકહોમમાં એક દક્ષિણપંથી(જમણેરી) એક્ટિવિસ્ટે તુર્કિયેના દૂતાવાસ પર કુરાન સળગાવ્યું હતું. ત્યાર પછી ત્યાંના મુસ્લિમ સમુદાયના લોકો પ્રદર્શન કરી રહ્યા છે. કુરાન સળગાવનાર વ્યક્તિ રાસ્મસ પાલુદાન લાંબા સમયથી સ્વીડનમાં તેના ઈસ્લામિક વિરોધી નિવેદનો અને પ્રવૃતિઓ માટે જાણીતો છે.

જો કે, આ મામલો મોટો બન્યો કારણ કે આ વખતે પાલુદાને આ કામ પોલીસની પરવાનગી લીધા બાદ કર્યું હતું. આ માટે તેને પોલીસ સુરક્ષા પણ આપવામાં આવી હતી. મામલો એટલો ગંભીર બની ગયો છે કે કુરાન સળગાવવાની ઘટના બાદ તુર્કિયેના રક્ષા મંત્રીએ પોતાની સ્વીડનની મુલાકાત પણ રદ કરી દીધી છે. નાટો સભ્ય બનવા માટે સ્વીડન માટે આ મુલાકાત ખૂબ જ મહત્વપૂર્ણ હતી.

અલજઝીરાના અહેવાલ મુજબ, રાસ્મસ પાલુદાને ગયા વર્ષે એપ્રિલમાં રમઝાન દરમિયાન જાહેરાત કરી હતી કે તે કુરાન સળગાવવા માટે પ્રવાસ કરશે. જે બાદ શનિવારે એટલે કે ૨૧ જાન્યુઆરીએ પાલુદને તુર્કીયે દૂતાવાસની બહાર કુરાનની કોપી લાઈટર વડે સળગાવી હતી. આ દરમિયાન તેણે ઈસ્લામને લઈને ઘણા વિવાદાસ્પદ નિવેદનો પણ આપ્યા હતા.

કુરાન સળગાવવાના સમયે રાસ્મસના સમર્થનમાં લગભગ ૧૦૦ લોકો ત્યાં હાજર હતા. પાલુદાને કહ્યું કે જો તમને લાગતું હોય કે અભિવ્યક્તિની આઝાદી ન હોવી જોઈએ તો તમારે સ્વીડનમાં ન રહેવું જોઈએ પરંતુ બીજે ક્યાંક જવું જોઈએ.

કુરાન સળગાવવાની ઘટના બાદ તુર્કિયેના વિદેશ મંત્રી મેલ્વુતે કહ્યું કે સ્વીડન રાસમસને કુરાન બાળવાથી રોકવામાં નિષ્ફળ રહ્યું. આ એક જાતિવાદી કૃત્ય છે, તેને અભિવ્યક્તિની સ્વતંત્રતા સાથે કોઈ લેવાદેવા નથી.જો કે સ્વીડનના વિદેશ મંત્રીએ આ ઘટનાની નિંદા કરી હતી. તેમણે કહ્યું કે સ્વીડનમાં અભિવ્યક્તિની સંપૂર્ણ સ્વતંત્રતા છે. જો કે, આનો અર્થ એ નથી કે અમે આવી પ્રવૃત્તિઓને સમર્થન આપીએ છીએ.તુર્કિયે સિવાય ઘણા ઈસ્લામિક દેશોએ કુરાન સળગાવવા સામે વાંધો ઉઠાવ્યો છે. સાઉદી અરેબિયાના વિદેશ મંત્રાલયે એક નિવેદન જારી કરીને સહિષ્ણુતા અને નફરતનો અંત લાવવાની હાકલ કરી છે. તે જ સમયે, તુર્કિયેની રાજધાની અંકારામાં, ઘણા લોકો સ્વીડિશ દૂતાવાસની સામે એકઠા થયા હતા અને સ્વીડિશ ધ્વજ સળગાવ્યો હતો.

સાધ્વી પ્રાચીએ પઠાણ ફિલ્મને લઈ કટાક્ષ કર્યો,શાહરૂખ ખાન તમે જનતાને હવે પપ્પુ બનાવી શકો નહીં

નવીદિલ્હી,તા.૨૨

ફિલ્મ પઠાણ ૨૫ જાન્યુઆરીએ રિલીજ થઈ રહી છે.ફિલ્મની એડવાંસ બુકીંગ પણ જોરશોરથી ચાલી રહી છે પરંતુ ફિલ્મનો વિરોઝ ઓછો થવાનું નામ લઈ રહ્યો નથી વીએચપી નેતા સાધ્વી પ્રાચી સતત ફિલ્મને લઈ નિવેદનબાજી કરી રહ્યાં છે.તેમણે ટ્વિટર પર પઠાણની એડવાંસ બુકીંગનો ઉલ્લેખ કરતા શાહરૂખ ખાન પર ટીપ્પણી કરી છે.

સાધ્વી પ્રાચીએ લખ્યું છે કે જો પઠાણ આટવી જ બંપર એડવાંસ બુકીંગ ચાલી રહી છે તો પીવીઆરને શેર કેમ તુટી ગયા.કેટલા પણ પૈસા લગાવી લો શાહરૂખ ખાન તમે જનતાને હવે પપ્પુ બનાવી શકશો નહીં સાધ્વીએ ટ્વીટ પર તમામ લોકોએ તેમનું સમર્થન કર્યું છે જયારે કેટલાકે તેમની ટીકા કરી છે.

નવીનીત ઝા નામના યુઝરે લખ્યુ પ્રાચી પપ્પુ તમે તમે છો અને જનતાને બનાવી રહ્યાં છો.પીવીઆર શાહરૂખ ખાનના ખર્ચે ચાલતી નથી કેતને લખ્યું ફિલ્મ બનાવનારાથી વધુ તો તમે પઠાણનું પ્રમોશન કરી રહ્યાં છો. લાગેલા રહો સારૂ કરી રહ્યા છે.મહમુદ અનવરે લખ્યું અરે દીદી વિનેશ ફોગાટ જંતર મંતર પર બેઠા છે પોતાના હક માટે પઠાણના બાયકોટ કરી ચુકયા છે તો તે મહિલા માટે પણ બે ટ્વીટ કરી દો. અન્યએ લખ્યું છે કે દિવસભર ચિંતા કરો છો આ મોહ માયા છે ત્યારબાદ પણ આમ જ પ્રમોશન કરી રહ્યો છે.પ્રમોશન કરતા રહો અને ચિંતા કરતા રહ્યો આ પહેલા પણ સાધ્વી પ્રાચીને ટ્વીટ કરતા લોકોથી ફિલ્મને ન ચાલવા દેવાની અપીલ કરી હતી તેમણે લખ્યું હતું કે વિહીપ નેતા સાધ્વી પ્રાચીએ ટ્વીટ કરતા કહ્યું કે જે કરવું પડે તો કરો સનાતનીઓ હવે પઠાણ ફિલ્મને કોઇ પણ સ્થિતિમાં ભારતમાં પઠાણને ચાલવા દેશે નહીં આ પહેલીવાર નથી જયારે સાધ્વી પ્રાચીએ શાહરૂખ ખાનની ફિલ્મ પઠાણને લઇ ટ્વીટ કર્યું છે આ પહેલા સાધ્વી પ્રાચીએ ટ્વીટ કરતા સવાલ કર્યો હતો કે કોણ કોણ પઠાણનો બહિષ્કાર કરી રહ્યાં છે મારી સાથે.તેમણે ટ્વિટર પર જનતાને પણ કહ્યું હતું કે ૨૫ જાન્યુઆરીએ શાહરૂખ ખાનની અકડ કાઢી દો. તેમનું કહેવુ છે કે આ ફિલ્મ કોઇ પણ સ્થિતિમાં ચાલવા દેશે નહીં તે રોજ આ ફિલ્મને લઇ ટ્વીટ કરી રહ્યાં છે.

એ યાદ રહે કે શાહરૂખ ખાન ચાર વર્ષ બાદ મોટા પડદે જોવા મળશે ભલે જ લોકો ગમે તેટલો વિરોધ કરી લે પરંતુ ખાનના પ્રશંસકો ફિલ્મની આતુરતાથી રાહ જોઇ રહ્યાં છે.પઠાણમાં શાહરૂખ ખાનની સાથે દીપિકા પાદુકોણ છે.આ ઉપરાંત જોન અબ્રાહ્મ પણ મહત્વપૂર્ણ ભુમિકામાં છે.

કોઈ પણ શરદ પવારના મહત્વને નજરઅંદાજ કરી શકે નહીં,હું મોદીનો વ્યક્તિ છું : એકનાથ શિંદે

મુંબઇ,તા.૨૨

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી સુપ્રીમો શરદ પવારની પ્રશંસા કરી છે.તેમણે રાજનીતિક સીમાઓથી ઉપર ઉઠી નીતિ નિર્માતાઓનું માર્ગદર્શન કરવામાં પવારની દરિયાદિલીનો હવાલો આપ્યો.મુખ્યમંત્રી શિંદેએ કહ્યું કે કોઇ પણ શરદ પવારના મહત્વને નજર અંદાજ કરી શકે નહીં શિંદેએ સ્વીકાર કર્યો કે વરિષ્ઠ નેતા શરદ પવાર સીધા તેમને તે મુદ્દા પર ધ્યાન આકર્ષિત કરવા માટે બોલાવે છે જે રાજયના હિતમાં છે.શિંદેએ પૂર્વ કેન્દ્રીય કૃષિ મંત્રી પવારની બાબતમાં કહ્યું કે સહકારિતા અને કૃષિ ક્ષેત્રમાં અમને તેમનું જ્ઞાન અને અનુભવનો લાભ ઉઠાવવો પડશે.તેમણે કહ્યું કે શરદ પવાર રાજયના સહકારી આંદોલનમાં એક માર્ગદર્શક શક્તિ પણ રહેલી છે. એકનાથ શિંદેએ કહ્યું કે પવાર રાજયના સૌથી મોટા નેતાઓમાં એક હતાં.મુખ્યમંત્રીએ કહ્યું કે તેમના દિવસમાં હંમેશા રાજયની ભલાઇ છે.શિંદેએ શરદ પવારની પ્રશંસા ત્યારે કરી છે જયારે મહારાષ્ટ્રમાં એનસીપી અને કોંગ્રેસના નેતા સત્તારૂઢ ભાજપ પર પોતાની પાર્ટીઓને તોડવાનો અને નેતાઓને દુર કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવતા રહે છે આ દરમિયાન મંત્રીમંડળ વિસ્તારમાં પણ વિલંબને લઇ શિંદે જુથમાં અશાંતિની ચર્ચા છે.

આ સાથે જ તેમણે દાવોસની પોતાની યાત્રા પર કહ્યું કે રાજય તેમની સાઇન કરવામાં આવેલ એમઓયુથી વિવિધ ખુણામાં રોકાણ જોશે હકીકતમાં વિરોધ પક્ષોએ તેમની દાવોસ યાત્રાની ટીકા કરતા કહ્યું હતું કે તેનાથી કાંઇ પરિણામ આવવાનું નથી તાજેરમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ કહ્યું કે લકઝમબર્ગના વડાપ્રધાન ભારતીય પ્રધાનમંત્રીના પ્રશંસક છે.તેમણે કહ્યું કે લકઝમબર્ગના પીએમએ મારી દાવોસમાં મુલાકાત કરી અને મને કહ્યુયં કે તે મોદી ભકત છે.તેમણે મારી સાથે એક ફોટો કિલક કરી અને કહ્યું કે તેને પીએમ મોદીને બતાવજો.હું જર્મની અને સાઉદીના અનેક લોકોથી મળ્યો અને તેમણે મને પુછયું કે શું હું પીએમ મોદીની સાથે છું મેં કહ્યું કે હું તેમનો જ વ્યક્તિ છું

૧૦ વર્ષમાં એસએઆઈના ૪૫ લોકો ઉપર યૌન ઉત્પીડનના આરોપ લગાવાયા છે

નવીદિલ્હી,તા.૨૨

બજરંગ પુનિયા,વિનેશ ફોગાટ અને સાક્ષી મલિક જેવા દેશના મોટા પહેલવાન ભારતીય કુશ્તી મહાસંઘ (ડબ્લ્યુએફઆઈ) અને તેના અધ્યક્ષ બૃજભૂષણ શરણ સિંહની વિરૂધ્ધ અખાડામાં ઉતર્યા છે.તેમના પર મહિલા પહેલવાનોના યૌન ઉત્પીડન કરવાનો આરોપ લગાવી સનસની મચાવી દીધી છે. જો કે ભારતીય ખેલ ઇતિહાસમાં પહેલા પણ યૌન ઉત્પીડનના મામલા સામે આવ્યા છે.

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા(એસએઆઇ)થી જોડાયેલ લોકો પર યૌન ઉત્પીજનના આરોપ લાગ્યા છે.ઇડિયન ઓલંપિક એસોસિએશન(આઇઓએ)ના પૂર્વ કોષાધ્યક્ષ આનંદેશ્વર પાંડે પર રેપનો કેસ થયો હતો.તાજેતરમાં પૂર્વ હોકી ખેલાડી અને હરિયાણા સરકારમાં મંત્રી સંદીપ સિંહ પર એક મહિલા કોચે યૌન કેનિદ્રઉત્પીડનનો આરોપ લગાવ્યો હતો.જુલાઇ ૨૦૨૨માં ઇડિયા અંડર ૧૭ મહિલા ફુટબોલ ટીમના સહાયક કોચ એલેકસ એમ્બ્રોસ પર યુરોપ પ્રવાસ દરમિયાન યૌન દુરાચારના આરોપો બાદ બરતરફ કરવામાં આવ્યા હતાં.અખિલ ભારતીય ફુટબોલ મહાસંઘે ફરિયાદ દાખલ કરાવવાના બે દિવસ બાદ એમ્બ્રોસને તાકિદે પાછા બોલાવી લેવામાં આવ્યા હતાં.

જયારે જુન ૨૦૨માં એક મહિલા સાયકિલ ચાલકે સ્લોવેનિયા પ્રવાસ પર મુખ્ય કોચ આર કે શર્મા પર યૌન ઉત્પીડન અને દુર્વ્યવહારનો આરોપ લગાવ્યો હતો તેણે કહ્યું હતું કે શર્માએ એક જ રૂમમાં રહેવા મજબુર કરી હતી તેના માટે બહાનુ બનાવ્યું હતું કે એક જ રૂમમાં બે લોકોને રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે.કેસ દાખલ કર્યા બાદ કોચનો કરાર ખત્મ કરી દેવામાં આવ્યો હતો.જયારે જુલાઇ ૨૦૨૧માં સાત અન્ય મહિલા એથલીટોએ તમિલનાડુના ટ્રેક એન્ડ ફીલ્ડ કોચ પી નાગરાજન પર દુર્વ્યવહારનો ૧૯ વર્ષીય એથલીટે સૌથી પહેલા આરોપ લગાવ્યો હતો

જાન્યુઆરી ૨૦૨૦માં દિલ્હી પોલીસે દક્ષિણ પૂર્વ દિલ્હીના નિજામુદ્દીન ક્ષેત્રમાં એક મહિલા ક્રિકેટરે પોતાના કોચની વિરૂધ્ધ છેડછાડના સંબંધમાં એફઆઇઆર દાખલ કરાવી હતી પૂર્વી દિલ્હીના સાંસદ ગૌતમ ગંભીરે કહ્યું કે યુવતીએ તેમની મદદ માંગી હતી. સપ્ટેમ્બર ૨૦૧૪માં એક મહિલા જિમનાસ્ટે કોચની વિરૂધ્ધ યૌન ઉત્પીડનની ફરિયાદ દાખલ કરાવી હતી જિમ્નાસ્ટરે પોતાના કોચ મનોજ રાણા અને સાથી જિમનાસ્ટ ચંદન પાઠક પર રાજધાનીના ઇન્દિરા ગાંધી ખેલ પરિસરમાં એક પ્રશિક્ષણ શિબિર દરમિયાન અભદ્ર ટીપ્પણી કરવાનો પણ આરોપ લગાવ્યો હતો.

માર્ચ ૨૦૧૧માં તમિલનાડુ સ્ટેટ એમેચ્યોર બોકિંસંગ એસોસિએશનના સચિવ પર ઉત્પીડન છેડછાડ અને ધમકાવવાનો આરોપ લગાવ્યો હતો એક મહિલા મુક્કેબાજે તેમના પર રાષ્ટ્રીય સ્તરની પ્રતિયોગિતાઓ માટે પસંદગી માટે યૌન સંબંધ બનાવવાનું દબાણ બનાવવાનો આરોપ લગાવ્યો હતો.વર્ષ ૨૦૦૯માં આંધ્ર ક્રિકેટ એસોસિએશન(એસીએ)ના સચિવ પર ટીમમાં સામેલ કરવા માટે યૌન સંબંધ બનાવવાનો દબાણનો આરોપ લગાવ્યો હતો મહિલા ટીમે આંધ્ર ક્રિકેટ એસોસિએશનના સચિવ વી ચામુંડેશ્વરનાથ પર પસંદગી માટે યૌન સંબંધ બનાવવા માટે દબાણ બનાવવાનો આરોપ લગાવ્યો હતો.

ભારતીય ઓલંપિક સંઘ પણ યૌન ઉત્પીડનના આ રીતના મામલાથી બાકાત નથી માર્ચ ૨૦૨૨માં આઇઓએના પૂર્વ કોષાધ્યક્ષ આનંદેશ્વર પાંડે પર મહિલા હૈંડબોલ ખેલાડી સીમા શર્માએ રેપનો કેસ દાખલ કરાવ્યો હતો.આ હૈંડબોલ ફેડરેશન ઓફ ઇન્ડિયાના મહામંત્રી પણ હતાં.

દલાઈ લામાએ ભારતના વખાણ કર્યા ,ભારત એક લોકતાંત્રિક દેશ છે.

ચીન આગામી દલાઈ લામાની પસંદગીની ચર્ચામાં પોતાની સ્થિતિ મજબૂત કરવા માંગે છે.

નવીદિલ્હી,તા.૨૨

તિબેટીયન આધ્યમિક ગુરુ અને નેતા દલાઇ લામાએ ભારતીય લોકશાહીમાં ધર્મનિરપેક્ષ સિદ્ધાંતોના વખાણ કર્યા હતા. આઇઆઇપીનું સંબોધન કરતા સમયે દલાઇ લામાએ જવાહરલાલ નહેરુ, ઇન્દિરા ગાંધી અને લાલ બહાદુર શાસ્ત્રી સાથેની પોતાની બેઠકો પણ યાદ કરી હતી. દલાઇ લામાએ જણાવ્યું હતું કે, ભારત એક લોકતાંત્રિક દેશ છે. જયાં તમામ મોટી વૈશ્વિક પરંપરાઓ એક સાથે વસવાટ કરે છે. ધર્મનિરપેક્ષ સિદ્ધાંત અદ્દભૂત છે.

દલાઇ લામાએ જણાવ્યું હતું કે, તેમને મહાત્મા ગાંધીને મળવાની તક ન મળી હતી, પરંતુ જવાહરલાલ નહેરુ, ઇન્દિરા ગાંધી અને લાલ બહાદુર શાસ્ત્રીને મળવાનો મોકો મળ્યો હતો. ભારતમાં તેમના રોકાણ વિશે બોલતા, દલાઇ લામાએ જણાવ્યું હતું કે, દેશમાં રહેવું અદ્ભુત છે. હું ભારત સરકારનો મહેમાન છું. હું તેની પ્રશંસા કરું છું. તિબેટના આધ્યાત્મિક નેતા દલાઈ લામાએ જણાવ્યું હતું કે, તેમની તિબેટ પરત ફરવાની કોઈ યોજના નથી. કારણ કે, તેઓ ભારતમાં સંપૂર્ણપણે સ્વતંત્ર છે. તે ભારતના સૌથી લાંબા સમય સુધી સેવા આપનાર મહેમાન છે, જે તેના યજમાનને ક્યારેય કોઈ મુશ્કેલી નહીં આપે.

દલાઇ લામા જણાવ્યું હતું કે, અમારા ભાઈઓ અને બહેનો, અમે ખાસ કહીએ છીએ કે, જયારથી હું શરણાર્થી બન્યો છું અને આ દેશમાં રહું છું, ત્યારથી મેં ભારતીય વિચાર અને તર્ક શીખ્યા છે. અત્રે નોંધનીય છે કે, ચીન આગામી દલાઈ લામાની પસંદગીની ચર્ચામાં પોતાની સ્થિતિ મજબૂત કરવા માંગે છે. તિબેટ રાઈટ્સ કલેક્ટિવએ ધ્યાન દોર્યું કે, ભાવિ દલાઈ લામાની પસંદગી વખતે ચીન વૈશ્વિક બૌદ્ધ સમર્થન પણ માંગે છે. ઉલ્લેખનીય છે કે, ચીન પાકિસ્તાનમાં ગાંધાર બૌદ્ધ ધર્મનો ઉપયોગ કરીને શ્રીલંકાના બૌદ્ધોને તક્ષશિલા અને ગાંધાર જેવા ઐતિહાસિક સ્થળો તરફ આકર્ષવા માટે પાકિસ્તાનને બૌદ્ધ ધર્મના પ્રણેતા તરીકે પ્રમોટ કરવા માટે કરી રહ્યું છે, જેથી માત્ર તેનો પોતાનો હેતુ સિદ્ધ કરી શકાય. ચીની દૂતાવાસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ૧૪મા દલાઈ લામા કોઈ સામાન્ય સાધુ નથી, પરંતુ ધાર્મિક વ્યક્તિના વેશમાં એક રાજકીય દેશનિકાલ કરેલા નેતા છે, જેઓ લાંબા સમયથી ચીન વિરોધી અલગતાવાદી પ્રવૃત્તિઓમાં શામેલ છે અને તિબેટને વિભાજીત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

પંજાબમાં મુખ્યમંત્રીએ સ્કુલ ઓફ એમિનેંસની શરૂઆત કરી

મોહાલી,તા.૨૨

મોહાલીમાં સ્કુલ ઓફ એમિનેંસની શરૂઆત કરવામાં આવી છે.પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને ઇડિયન સ્કુલ ઓફ બિજનેસમાં ઉદ્ઘાટન કર્યું તેમણે આ પ્રસંગે જણાવ્યું હતું કે આજનો દિવસ એતિહાસીક દિવસ છે અને આજે આપણે તે કામ શરૂ કરી રહ્યાં છે જે પહેલા ફકત કાગળો કે સપનામાં થતા હતાં તેમણે એ પણ કહ્યું કે પંજાબને રંગીલુ બનાવવાનું સપના સુવા દેતા નથી.પંજાબને નશા મુકત બનાવવાનું સપનુ છે ફકત કાગળોમાં સપના સાચા થતા નથી સ્કુલ ઓફ એમિનેંસમાં સ્કુલોની તસવીર બદલાશે. બાળકોના હુનરને શોધવાની જરૂરત છે પહેલા પડાવમાં ૧૧૭ સ્કુલો અપગ્રેડ કરવામાં આવશેઆ દરમિયાન મુખ્યમંત્રી માને કહ્યું કે જયારે કોઇ બાળક વિદેશ કે કોઇ પણ જગ્યાએ નોકરી કે આગળના અભ્યાસ માટે પહોંચશે તો ગર્વથી કહી શકશે કે સરકારી સ્કુલમાં અભ્યાસ કર્યો છે મજબુરીમાં નહીં માનથી સરકારી સ્કુલોમાં બાળકો ભણાવ્યા છે.મુખ્યમંત્રી માને કહ્યું કે એવો કોઇ ફીલ્ડ નથી જયાં યુવતીઓ જઇ શકે નહીં યુવતીઓને ગર્ભમાં મારી નાખશો નહીં તેને જીવવાની તક આપો કંઇક કરીને તો આપો આજના સમયમાં જોવા મળી રહ્યું છું કે આ રીતે યુવતીઓ પણ ટોપ પર રહી છે. યુવકોને તો ભણાવો આ સાથે જ યુવતીઓને પણ આગળ વધવાની તક આપો માને કહ્યું કે યુવતીઓમાં પણ ખુબ ટેલેટ છે અને ટેલેંટ અમીર ગરીબ હોતું નથી બાળકોના ખુબ ટેલેંટ આર્થિક મજબુરીના કારણે રહી જાય છે બાળકોએ નકલ કરી ભણવું જોઇએ નહીં હમેશા સાચુ બોલવું જોઇએ નકલ કરી અભ્યાસ કરશો તો ક્યાંકને ક્યાંક પકડાઇ જશો લોકો દુર દુરથી દિલ્હીના સ્કુલોને જોવા જાય છે અમે પંજાબની સ્કુલોને આમ જ બનાવી અને બધા પંજાબના સ્કુલોને જોવા આવશે

તંત્રી સ્થાનેથી...

સરકારી રોજગાર

નવા શરૂ થયેલા વર્ષના પહેલા રોજગાર મેળામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૭૧ હજાર લોકોને નોકરીના નિયુક્તિ પત્ર આપીને આ વર્ષે ડિસેમ્બર સુધી દસ લાખ સરકારી નોકરીઓ આપવાના અભિયાનને આગળ વધાર્યું. વિભિન્ન સરકારી પદોમાં જોકે લાખો પદો ખાલી પડેલાં છે, તેથી તેને સમય રહેતાં ભરવાં જોઇએ. આ મામલે કેન્દ્ર સરકાર જેવી સક્રિયતા તમામ રાજ્ય સરકારોએ દેખાડવી જોઇએ - તે ચાહે ભાજપ શાસિત સરકાર હોય કે અન્ય પક્ષો દ્વારા શાસિત રાજ્ય સરકારો. આ સક્રિયતાની જરૂર એટલા માટે છે, કારણ કે વિભિન્ન વિભાગોમાં અનેક પદો વર્ષો સુધી ખાલી જ પડી રહે છે. તેને સંબંધિત વિભાગોની કાર્યકુશળતા પ્રભાવિત થાય છે અને તેનાં દુષ્પરિણામ આમ જનતાએ ભોગવવાં પડે છે. એનાથી કુલ મળીને સરકારોની છબિ જ પ્રભાવિત થાય છે. ક્યાંક સરકારી વિભાગોનાં તમામ પદો લાંબા સમય સુધી એટલા માટે તો ખાલી નથી રહ્યાં ને, કે મિનિમમ ગવર્મેન્ટ અને મેક્સિમમ ગવર્નન્સની ધારણા અંતર્ગત એમ માની લેવામાં આવ્યું છે કે સરકારે પોતાનું કામ ઓછામાં ઓછા કર્મચારીઓથી ચલાવવું જોઇએ? આ ધારણાનું પોતાનું એક મહત્ત્વ છે, પરંતુ એ પણ ધ્યાન રહે કે સરકારોની દક્ષતા અને કાર્યકુશળતા ત્યારે જ વધે છે જ્યારે તેમની પાસે પર્યાપ્ત સરકારી કર્મચારી હોય છે. સંખ્યાબળના અભાવ સામે ઝઝૂમતા સરકારી તંત્રના સહારે સુશાસનના લક્ષ્યને પ્રાપ્ત ન કરી શકાય. એ સારું છે કે કેન્દ્ર સરકારે પાછલા વર્ષે દસ લાખ ખાલી પદો ભરવાનું અભિયાન શરૂ કરવામાં આવ્યું. આ અભિયાન અંતર્ગત અત્યાર સુધી ત્રણ રોજગાર મેળા આયોજિત કરીને હજારો યુવાઓને નિયુક્તિપત્ર આપી દેવામાં આવ્યા છે. અત્યાર સુધી બે લાખથી વધુ નોકરીઓ અપાઈ ચૂકી છે. ખાલી પદોને પ્રાથમિકતાના આધાર પર ભરવાના અભિયાનને વધુ ગતિ આપવાની જરુર છે, કારણ કે ઇચ્છિત લક્ષ્યને પૂરું કરવા માટે આગામી ૧૧ મહિનામાં લગભગ આઠ લાખ નોકરીઓ આપવાની થશે. આ અભિયાનને ગતિ આપવાની સાથે જ એ પણ સુનિશ્ચિત કરવું જોઇએ કે સરકારી કર્મચારી વધુ કાર્યકુશળ અને જવાબદાર બને. સરકારોએ સરકારી નોકરીઓ વિશે બનેલી એ ધારણા દૂર કરવા પણ પ્રયત્ન કરવા જોઇએ કે નોકરીની સુરક્ષાની ગેરંટી સાથે કામ નહીં કરવાનો પર્યાય છે. સરકારી નોકરીઓને લઈને એ ધારણા પણ વ્યાપ્ત છે કે તે જવાબદારીની માંગ નથી કરતી. કદાચ તેનું જ એ પરિણામ છે કે સરેરાશ સરકારી કર્મચારીઓમાં જનતાની સેવાને લઈને અપેક્ષિત પ્રતિબદ્ધતાનો અભાવ દેખાય છે. કહેવા માટે તો તેઓ લોકસેવક કહેવાય છે, પરંતુ તેમનામાં સેવાનો ભાવ મોટાભાગે દેખાતો નથી. સરકારી કર્મચારીઓમાં પોતાની જવાબદારીઓ પ્રત્યે વધારે સમર્પણ હોવું જોઇએ. આ સમર્પણ ભાવના માધ્યમથી જ તેઓ એ ઉદ્દેશ્યો પૂરાં કરવામાં સહાયક બની શકે છે, જે સરકારો દ્વારા નક્કી કરવામાં આવે છે અને જેના આધાર પર તેમના કામોનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

નખમાંય રોગ નથી

છાતીમાં જરાતરા બળે છે ,બાકી નખમાંય રોગ નથી.
દાંત થોડો થોડો કળે છે ,બાકી નખમાંય રોગ નથી.
મધુપ્રમેહ એકલો ક્યાં મળે છે ,બાકી નખમાંય રોગ નથી.
રકતચાપ ટોળે વળીને મળે છે ,બાકી નખમાંય રોગ નથી .
ગોઠણથી પગ ક્યાં વળે છે ,બાકી નખમાંય રોગ નથી
આંખમાં પૂરી ઝાંખપ વળે છે ,બાકી નખમાંય રોગ નથી.
મોઢામાંથી લાળ સતત લળે છે ,બાકી નખમાંય રોગ નથી,
નાક ગટરગંગાની જેમ ગળે છે ,બાકી નખમાંય રોગ નથી.
સ્મૃતિઓના ભૂતની જેમ છળે છે,બાકી નખમાંય રોગ નથી.
નખ સિવાય બધે રોગ મળે છે ,બાકી નખમાં જ રોગ નથી.

ભરત વૈષ્ણવ ૨૨.૧.૨૦૨૧.

બેરોજગારોને લાઇનમિત્ર અને થપ્પડમિત્રનો રોજગાર આપો

ગિરધરભાઈ. લાઇન વિશે તમારું શું માનવું છે?" રાજુ રદીએ સવાલનો બાઉન્સર ફેંક્યો.

" રાજુ. લાઇન વિશે એક લાઇન(એટલે લીટી- વાક્ય)માં કહું તો લાઇન આપણી લાઇફ લાઇન છે!!" મેં રાજુને કહ્યું

" ગિરધરભાઈ. લાઇન કદી ખત્મ થશે ખરી?" રાજુ પ્રશ્નોતરી લઇને આવ્યો હશે કે શું? તરત બીજો બાઉન્સર ફેંક્યો.

" વત્સ. લાઇન વિશે આવો સિલી પોઇન્ટ જેવો સવાલ તારી માનસિક કંગાલિયત પ્રદર્શિત કરે છે! આ દેશમાં મોંઘવારી, બેકારી, ગરીબી, મકકારી, ખૂટલાઇ, નિમકહરામી ,નાગાઈ ખત્મ થઇ છે? જગતમાં આધુનિક શોધ થવા છતાં મચ્છર, માંકડ , ચાંચડ, ઉંદર, ઉધઇ ખત્મ થયા છે? દેશમાં તાંત્રિક,બાબા,ચિટરોનો અંત આવેલ છે? તો પછી લાઇનનો અંત ક્યાંથી આવે? લાઇનો અલ્પજીવી નહીં પણ દીર્ઘજીવી હોય છે. લાઇન સત્ય છે, બાકી બધું મિથ્યા છે. લાઇન લટકા કરે લાઇન પાસે!! નરસૈંયાએ પણ ગાયું છે કે અખિલ બ્રહ્માંડમાં એક તું લાઇન હરી, જુજવે રૂપે અનંત ભાસે. બાલાશંકર કંથારિયા પણ કહી ગયા છે કે ગુજારે જે શિરે તારે લાઇન તે સહેજે, ગણ્યું લાઇને જે પ્યારું તેને અતિપ્યારું ગણી લેજે.આમ, લાઇન અત્ર તત્ર સર્વત્ર છે. લાઇનનો માર્ગ છે શૂરોના , નહીં કાયરનું કામ જોને!!સાહિત્યમાં લાઇનનું મહત્વ અને અગત્યને પર્યાપ્ત પ્રાધાન્ય મળેલ છે. ઇતિહાસકારો નોંધે છે કે લાઇન કલિયરન્સ ન મળવાના કારણે અભિમન્યુ નવ મહિના મોડો જન્મ લઇ શક્યો હતો!!" મેં અલ્પાત્મા અને સંશયાત્મા રાજુને લાઇનનું મહત્વ લાઇનસર જણાવ્યું.

" ગિરધરભાઈ. અહીં બાળકના જન્મ પહેલાં માને હેલ્થ ચેકઅપ માટે, બાળકના જન્મ માટે મેટર્નીટી હોસ્પિટલ, બાળકના જન્મ પછી જન્મ પ્રમાણપત્ર, રસી, બાલમંદિર,સ્કૂલ,હાઇસ્કૂલ,કોલેજ, , રોજગાર કચેરી, નોકરી માટે ફોર્મ ભરવા, પરીક્ષા, ઇન્ટરવ્યુ, નોકરી મેળવવા, બસ મેળવવા, બ્યુટી ટ્રિટમેન્ટ, લગ્નમાં ડીશ, વાનગી, ચાંદલો, રીસેન્શનમાં શુભેચ્છા, બસ, ટ્રેન , પ્લેન, લગેજ બેલ્ટ, શોપિંગ સેન્ટર, કેટકેટલી લાઇનમાં કલોકોના કલાકો ઉભા રહેવું પડે છે પેલી હીરોઇન તેરી દો ટક્યો કી પછી લાઇન અધ્યાહાર છે!! છેલ્લે મરણ પછી અંત્યક્રિયા માટે જાતે નહીં પણ મૃતદેહ સ્વરૂપે લાઇનમાં ઉભા રહેલું પડે છે.છેલ્લે નોટબંધીમાં નોટો બદલવા , કોરોનાંમાં દવા, ઇન્જેકશનો, બેડ, રસી માટે લાઇન લગાવી હતી!!" રાજુએ લાઇનોનું લાઇનબંધ લિસ્ટ બનાવ્યું!!

"રાજુ. સરકારી ઓફિસના પગારબીલો ટ્રેઝરી કે પે એન્ડ ઓફિસમાં દાખલ કરવા નવી પ્રકારની લાઇન હોય. ઇંટો પર ઓફિસની નામની ચબરખી સુતળીથી ઇંટ પર બાંધી દઇ ઇંટને લાઇનમાં મુકી દેવાની. લાઇનમાં ઇંટો સ્વરૂપે નાણા , મહેસૂલ, માર્ગ અને મકાન વિભાગ શોર બકોર વિના પોતાનો વારો આવે તેની રાહ જોતા રહે . લાઇનમાં ઉભા રહેવાના ફાયદા છે તમને ટાઢ, તડકો કે વરસાદ સહન કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. પગના સ્નાયુ મજબુત થાય છે. ફેંફસા મજબુત થાય છે. તવંગરની માફક બધું સરળતાથી મળતું નથી. વસ્તુ માટે પ્રતીક્ષા કરવાનો ગુણ વિકસે છે. ધૈર્ય , જતું કરવાની ભાવનાનો પ્રાદુર્ભાવ થાય છે. લાઇનમાં અનેકતામાં એકતા અને એકતામાં અનેકતાનો અખંડ ભારતીય અનુભવ થાય છે. લાઇનમાં ઉભા રહી લાઇન મારનારની લગ્નની લાઇન કલિયર થાય છે.આમ,લાઇનમાં (ઉભા) રહેવાથી વ્યકિત્વનો વિકાસ થાય છે!!"મેં લાઇનમાં રહેવાના ફાયદા બતાવ્યા.

" ગિરધરભાઇ. અમેરિકા અને ઇંગ્લેન્ડના માણસો ખોપરી છે. અમેરિકાના કેલિફોર્નિયા રાજયના સાનફ્રાન્સિકોના બ્લોગર અને વિયરેબલ ડિવાઇસ કંપનીના ચીફ એકઝિકયુટીવ મનીષ શેઠી નેટીઝન છે. ફેસબુકના હરેડ બંધાણી છે. ફેસબુકના એડીકશન- લત/ વળગણને લીધે ધંધાધાપા (ધંધો તો સમજ્યા પણ ધાપા શું છે તે અલગ સંશોધનનો સબ્જેકટ છે!)ને અસર પડતી હોવાથી કાલરા નામની યુવતીને પ્રતિ કલાક આઠ ડોલર એટલે લગભગ થયો રૂપિયાના પગારથી હાયર કરી હતી.

મનીષ જેવું ફેસબુક ખોલે કે કાલરા ધડામ દઇને મનીષના ડાબા કે જમણા ગાલ પર થપ્પડ રસીદ કરે. યુવતી કેટલી ઉંમરની, શ્વેત કે શ્યામ હતી, ડયૂટીના કલાકો નક્કી હતા કે કેમ? વીકલી રજામાં વૈકલ્પિક વ્યવસ્થા શું હતી? છોકરી પરણેલી હતી કે કુંવારી, કાલરા મહિલા બોકસરની માફક થપ્પડ કચીકચીને મારતી હતી કે નારીસહજ ઋજુતા, આર્જવતા, મૃદુતા કે સૌમ્યતાથી ટપલીદાવ કરતી હતી, થપ્પડની ગુંજ ક્યાં સુધી (સૌજન્યઃ- કર્મા પિકચરનો વિલન ડોકટર ડેંગ) સંભળાતી હતી ,?થપ્પડ ખાધા પછી મનીષનો ચહેરો તમતમી જતો ને સુરતી સરસ્વતીનો (ન સમજ્યા ? ગાલિપ્રદાન)અસ્ખલિત પ્રવાહ વહેતો કે કેમ, જથ્થાબંધ થપ્પડના કિસ્સામાં કાલરા બ્લક ડિસ્કાઉન્ટ આપતી હતી કે કેમ એ લવારો - સવાલ (એ પણ લવારો જ છે ને?)અનુત્તર રહ્યા છે. " રાજુએ કહ્યું.

" રાજુ યુકેમાં લંડનનો રહેવાસી ફ્રેડી બેકેટ અમીરો વતી લાઇનમાં ઊભો રહીને રોજના ૧૬,૦૦૦ રૂપિયાની કમાણી કરે છે. બેકેટને અમીરો વતી લાઇનમાં ઊભા રહેવા માટે રોજના ૧૬,૦૦૦ રૂપિયા એટલે કે ૧૬૦ પાઉન્ડની કમાણી થઈ જાય છે.પૈસાદારોને પોતાના કામ માટે લાઇનમાં ઉભા રહેવાની ફૂરસદ હોતી નથી.તેના ક્લાન્ટમાં બાળકો ધરાવતા કુટુંબોની સાથે પેન્શનરોનો સમાવેશ થાય છે. તે તેના વતી ખરીદી, પ્રદર્શનો, મ્યુઝિયમ, મૂવી અને શો માટે ટિકિટ મેળવવા લાઇનમાં ઊભો રહે છે. તે આ રીતે લાઇનમાં ઊભા રહેવાની બાબતને સુંદર કળા ગણાવે છે અને તેનું કહેવું છે કે આ જેવી તેવી વસ્તુ નથી, અત્યંત ધીરજની જરૂર પડે છે.તે દિવસના આઠ કલાક આ કામ કરે છે. તે એપોલો થિયેટર જેવા અત્યંત લોકપ્રિય પર્ફોર્મન્સીસ માટેના શોની લાઇનમાં પણ ઊભો રહે છે. તેણે જણાવ્યું હતું કે ક્રિસ્ટિન ડિઓરના પ્રદર્શન દરમિયાન હું ઘણી વખત સાંઇઠના દાયકામાં પ્રવેશી ચૂકેલાઓ માટે આઠ-આઠ કલાક સુધી લાઇનમાં ઊભો રહું છું. સામાન્ય રીતે આ પ્રકારની લાઇન ત્રણ કલાકની હોય છે, પરંતુ મને હાયર કરનારા થોડો સમય વધારે ઊભા રહેવાના નાણા ચૂકવીને જોડે-જોડે મ્યુઝિયમની મુલાકાતે પણ જઈ આવે છે.

જો કે ગાત્રો ગાળી નાખતી ઠંડીમાં ઊભું રહેવું અત્યંત કપરુ હોય છે. આ કામગીરીનો સૌથી કપરો સમય હોય છે. આ ઉપરાંત આકરો ઉનાળો હોય ત્યારે પણ ઊભા રહેવું આકરું હોય છે. લંડન મોટી ઈવેન્ટ્સ અને પ્રદર્શનોથી ભરેલું રહેતું શહેર છે. અહીં સમગ્ર વર્ષ દરમિયાન આ પ્રકારના આયોજનો ચાલતા જ રહે છે.બેકિટ વ્યવસાયે લેખક છે. તેના આ પ્રકારના કામના લીધે તેને લેખનની અનુકૂળતા મળી રહે છે. તેની સાથે તે મિત્રો અને સગાસંબંધીઓ સાથે પણ પૂરતો સમય પસાર કરી શકે છે." લાઇનમાં ઉભા રહી કમાણી કરતા વેઇટર કમ લેખકના સાફલ્યગાથા રાજુને સંભળાવી.

" ગિરધરભાઇ. આપણે ત્યાં સરકારે ભૂતકાળમાં પંચાયત મિત્ર, વન મિત્ર, આરોગ્ય મિત્ર અને આવા બધામે ફિકસ પગારે રાખ્યા હતા. બધા બેરોજગારને રોજગારી આપવી શક્ય નથી પકોડા તળનારન્ પણ રોજગાર મળ્યાના લિસ્ટમાં સામેલ કરેલ. ચૂંટણી સમયે રોજગાર આપવાના વચનનો મિડીયા- વિપક્ષો ફજેત ફાળકો બનાવે છે. માછલા ધોવે છે. રોજગાર આપવા માટે કેટલી બધી વિપુલ શક્યતા દરવાજે દસ્તક દે છે. અમેરિકાન અને બ્રિટનના સફળ સ્ટડી કેસના આધારે થપ્પડ મિત્ર અને લાઇન મિત્રનો પૂરક રોજગાર આપવા મોટીમસ રકમનો વાઇબ્રન્ટમાં એમઓયુ કરવો જોઇએ બધા એમઓયુ થોડા મૂર્તિમંત થવા જરૂરી છે? લગ્ન પણ એમઓયુ જ છે ને ? સાત ભવના આ બદલે વાવટા સંકેલી લેવા પડે છે ને ? લાઇનમિત્ર કે થપ્પડમિત્રને શહેર, કામ, વ્યસ્તતા, વધુમાં વધુ કેટલા એસાઇનમેન્ટ લઇ શકે , ન્યુનતમ વેતન, પીએફ આપવું, કાયમી ક્યારે કરવા,આગળ કંઇ કેડરમાં પ્રમોશન આપવાનું, હાયર ગ્રેડની સ્કીમ, વય નિવૃતિ પછી પેન્શન મળશે કે કેમ ?

કામના કલાકોમાં ગણવેશ, છત્રી, રેઇનકોટ , સ્વેટર નાસ્તા, બામ કે વિકસ આપવાના કે કેમ કે બધું સરકારી પણ ખાનગી રાહે નક્કી કરવું બંનેનું જોઇન્ટ ડિરકટોરેટ, પ્રાદેશિક કચેરી, જિલ્લા કચેરી, તાલુકા કચેરી શરૂં કરવા પણ નિર્ણય લેવો જોઇએ . પીપીપી મોડલમાં ખાનગી સંસ્થાઓને તક આપવી વગેરે નક્કી કરવાથી લાઇનમાં ઉભા રહી ગુણવતાયુકત સેવા આપતા ઉધોગને પ્રચંડ વેગ મળશે. વિશ્વમાં આ પ્રકારની વ્યવસ્થા કરનાર પ્રથમ દેશ/ રાજ્ય તરીકે આપણો ડંકો વાગી જશે." રાજુએ સ્કિમનો રોડમેપ કે બ્લુ પ્રિન્ટ રજૂ કરી.

ખાટલે મોટી એ ખોડ છે કે રાજુ રદી રોજગાર સચિવ કે હું રોજગાર મંત્રી નથી. હવે મન હશે તો લાઇનમિત્ર કે થપ્પડમિત્ર યોજના સાકાર થશે.

જય લાઇનમિત્ર અને જય થપ્પટમિત્ર!!!

ભરત વૈષ્ણવ
૨૨.૧.૨૦૨૨.ઈ હાસ્ય

કેન્દ્રના આંકડાનો હવાલો આપી

બંગાળના પૂર્વ મંત્રીએ કહ્યું કે ૧.૨૫ લાખ કરોડ રૂપિયાની જીએસટી છેંતરપીડી થઇ

કોલકતા,તા.૨૨

વસ્તુ અને સેવા કર(જીએસટી)ના ભવિષ્યને ચિંતાજનક બતાવતા અર્થશાસ્ત્રી અને પશ્ચિમ બંગાળના પૂર્વ નાણાંમંત્રી અમિત મિત્રાએ કહ્યું કે જીએસટી પરિષદનું વાતાવરણ વિષાક્ત થઇ ગયું છે. મિશ્રાએ વેસ્ટ બંગાળ નેશનલ યુનિવર્સિટી ઓફ જયુરિડિકલ સાઇસેજમાં જીએસટીની સફળતા પર કેન્દ્રીત વિષય પર આયોજીત એક રાષ્ટ્રીય સંમેલનને સંબોધિત કરી રહ્યાં હતાં.

મિત્રાએ કહ્યું કે વર્ષ ૨૦૧૭માં નવી કર વ્યવસ્થા અસ્તિત્વમાં આવ્યા બાદથી જીએસટી પરિષદના કામકાજમાં પાંચ વર્ષમાં કંઇ રીતે પરિવર્તન આવ્યું છે.તેમણે કહ્યું કે ૧૨ કિલોમીટર અપતટીય કરાધાનનો મુદ્દો હતો.વિવિધ રાજકીય પક્ષોના શાસનવાળા આઠ રાજય એક સાથે આવ્યા હતાં. મને ગુજરાતના તે સમયના નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલની યાદ આવે છે તે મારી પાસે આવ્યા અને કહ્યું કે ડો.મિત્રા તમે નેતૃત્વ કરો અને હું તમને સમર્થન આપીશ.તે ભાજપમાં હતાં.ત્યારે તમારી પાસે ભાજપ હતી તમારી પાસે કર્ણાટકમાં કોંગ્રેસ હતી. તમિલનાડુ કેરલમાં માકપા હતી દરિયાઇ કિનારાના રાજયો પર શાસન કરનારા તમામ રાજકીય પક્ષોનું સંયુકત હિત હતું મને યાદ છે કે જેટલીએ એક બ્રેક લીધો હતો અમે એક સાથે બેલ્યા અને કહ્યું કે સર,અમે તેને પાસ થવા દઇશું નહીં જેથી તમારૂ ધ્યાન પુરા કરાધાન પ્રક્રિયા પોતાના હાથમાં લઇ શકો રસપ્રદ વાત એ છે કે આ એક કોલેજિયલનું વાતાવરણ હતું એક સર્વસમ્મતિનું વાતાવરણ હતું.

મિત્રાએ કહ્યું કે તેમના નાણાંમંત્રી અરૂણ જેટલીએ સહમતિ વ્યકત કરી અને કહ્યું કે તેમને હાઉસની સમજ છે.મિત્રાએ કહ્યું કે તેમણે કેન્દ્ર સરકારના અધિકારીઓથી મોં પર સ્પષ્ટ કહ્યું તેને પાછું લઇ લો આ રાજયોની પાસે રહેશે તે વાતાવરણ ચાલ્યું ગયું છે હવે પરિષદમાં વાતાવરણ બહુસંખ્યકતાની છે આ ત્યારે શરૂ થયું જયારે હું ત્યાં હતો.વાસ્તવમાં અનેકવાર ઝેરીલું થાય છે અને કયારેક કયારેક કટુતાપૂર્ણ સૌથી દુખની વાત એ છે કે કયારેક કયારેક પરિણામ સુધી પહોંચી શકયુ નથી

મિત્રાએ એ પણ કહ્યું કે જીએસટીનું વર્તમાન માળખુ છેંતરપીડી ભર્યું છે તેમણે કહ્યું કે નંદન નીલેકણિએ જીએસટી કાઉસિલની સામે એક પ્રજેંટેશન આપ્યું અને તેમણે શું જાણ્યું.તેમણે ૨૦૨૦ સુધી ૭૦,૦૦૦ કરોડની છેતરપીડી જાણી,તેમણે તેને બે ભાગોમાં વિભાજીત કરી એક વધારાના ઇનપુટ ટેકસ ક્રેડિટ છેંતરપીડી છે જે લગભગ ૩૮,૭૭૧ કરોડ રૂપિયાની હતી કેટલ લોકોએ આ ઇનપુટ ટેકસ ક્રેડિટ છેંતરપીડી કરી અને તેમણે તેને કેવી રીતે કર્યું.કાગળની કંપનીઓ બનાવી કાગળમાં લેવડદેવડ કરી અને ત્યારબાદ સરકારથી તમને ઇનપુટ ટેકસ ક્રેડિટનું વળતર કરવા માટે કહ્યું આવામાં કેટલા લોકો તેમાં લાગ્યા હતાં. ૪૨,૬૧૮ મામલા છે.૩૮,૭૭૧ કરોડ રૂપિયાની છેતરપીડી ફકત ઇનપુટ ટેકસ ક્રેડિટમાં,જાહેરાત હેઠળ ત્યારે એક અનેય શ્રેણી હતી તે કેટલાની હતી. ૩૧,૨૪૭ કરોડ રૂપિયા કેટલા લોકો અંડર ડિકલેરેશનમાં સામેલ હતાં. ૯૭.૮૫૩ મામલા,આથી ૨૦૨૦ સુધી જીએસટી કાઉસિલમાં નીલેકણિના સત્તાવાર પ્રજેંટેશન અનુસાર કુલ ૭૦,૦૧૮ કરોડ રૂપિયાની છેંતરપીડી સામે આવી પરંતુ તેના પર ચર્ચા થઇ નથી તેમણે પ્રશ્ન કર્યું તમે તેને કેવી રીતે રોકશો

તેમણે કહ્યું કે ૨૦૨૦ બાદ જાણવા મળ્યું કે છેંતરપીડી કુલ ૫૫,૫૭૫ કરોડ રૂપિયાની હતી કેટલાક મામલા ૨૨,૩૦૦ મામલા.હું તમને યોગ્ય ડેટા આપી રહ્યો છું તો આ કુલ કેટલા છે.છેંતરપીડી કુલ ૧,૨૫,૫૯૩ કરોડ રૂપિયાની છે આ નીલેકણિના ૨૦૨૦ સુધીના આંકડા અને ત્યારબાદ રાજયસભામાં આપેલા જવાબ અનુસાર આંકડો સામે આવ્યો મિત્રાએ કહ્યું કે આંકડા કેન્દ્ર સરકાર તરફથી જાહેર કતરવામાં આવ્યા હતાં અને જો રાજયના આંકડાને પણ ધ્યાનમાં રાખવામાં આવે તો આ કુલ આંકડો બે લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી શકે છે જો કે તેના માટે કોઇ અનુમાન નથી

કેન્દ્ર સરકારે કુશ્તી ફેડરેશનની તમામ ગતિવિધિઓને સ્થગીત કરી

નવીદિલ્હી,તા.૨૨

કુશ્તી ફેડરેશનની વિરુદ્ધ છેલ્લા થોડા મહિનાથી અમુક પહેલવાન આંદોલન કરી રહ્યા છે. આ વચ્ચે કેન્દ્ર સરકારે કુશ્તી ફેડરેશનને લઇને ઘણા મોટા એક્શન લીધી છે. કેન્દ્ર સરકારના કુસ્તી ફેડરેશનની તમામ ગતીવિધિઓને સ્થગીત કરવાનો નિર્ણય કર્યો છે. અત્યાર સુધી ઓવરસાઇટ કમેટી ઓપચારીક રૂપથી નિયુક્ત નથી તેમા ચાલી રહેલા રેકિંગ પ્રતિયોગિતાને નિલંબિત અને ચાલી રહેલી ગતિવિધિઓ માટે પ્રતિસ્પર્ધીના પ્રવેશની ફી નો પણ સમાવેશ થાય છે.

આ અંગેની જાણકારી ૨૦૨૩ સરકાર દ્વારા બનવામાં આવેલ સમિતિની નિયુક્તિ કર્યા બાદ નિર્ણય લેવામાં આવ્યો છે. જે ડબલ્યુએફઆઇની દિન પ્રતિદિનની ગતિવિધિઓને સભાળશે. ડબ્લ્યુએફઆઇના સહાયક સચિવ વનોદ તોમરને તાત્કાલીક પ્રભાવથી હટાવ્યા બાદ તરત બાદ કેન્દ્ર સરાર તરફથી આ નિર્ણય લેવામા આવ્યો છે. સસ્પેન્ડ ડબ્લુયએફઆઇ અધિકારી વિનોદ તોમરે પોતાના નલંબન સંબંધનમા કોઇ પણ માહિતીનો ઇકાર કર્યો છે.

તોમરે કહ્યુ કે, મને આ અંગે કોઇ જાણકારી નથી. મને એએનઆઇના એક કોલથી ખબર પડી કે, મને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. આ અગે મને પહેલાથી કોઇ જાણકારી નથી મળી. મે કંઇ ખોટુ નથી કર્યુ. વિનોદ તોમરે શનિવારે સાંજે બૃજભૂષણ શરણ સિહના પક્ષમાં નિવેદન આપતા કહ્યુ હતુ કે ફેડરેશનના વધુ પડતા લોકો બૃજભૂષણ શરણ સિંહ સાથે છે. અને વ્યક્તિગત રીતે મને ખેલાડીઓના આરોપો સાચા નથી લાગતા તોમરે કહ્યુ કે, જે પહેલવાનો દિલ્હીના જંતર મંતર પર ધરણા પર બેઠા છે અને ડબ્લ્યુએફઆઇ અધ્યક્ષ વિરુદ્ધ યૌન ઉત્પીડન અને નાણાંકિય ગડબડીના જે આરોપ લગવામા આવી રહ્યા છે. તેમણે પોતાના દાવાને સાબિત કરવા માટે કોઇ મજબુત સબુત નથી આપ્યો.

મધ્ય પ્રદેશ કોંગ્રેસે હિંદુત્વની રાહમાં મોટું પગલું

કોંગ્રેસના ધર્મ તેમજ ઉત્સવ પ્રકોષ્ઠના બેનર હેઠળ ઘણા ધાર્મિક આયોજનો કરવામાં આવશે.

ભોપાલ,તા.૨૨

મધ્ય પ્રદેશ કોંગ્રેસે હિંદુત્વની રાહમાં મોટું પગલું લીધુ. સંસ્કારધાની જબલપુરમાં મધ્ય પ્રદેશ કોંગ્રેસના ધર્મ તેમજ ઉત્સવ પ્રકોષ્ઠના બેનર હેઠળ ઘણા ધાર્મિક આયોજનો કરવામાં આવશે. તેનું ઉદ્ઘાટન પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે કર્યું. તેમણે મા નર્મદાનું પૂજન, ભગવાન શિવનો અભિષેક અને ગૌ પૂજનની સાથે આ ધાર્મિક અભિયાનની શરૂઆત કરી. તેમણે આ સાથે જ એ ઈશારો પણ કરી દીધો કે, વર્ષ ૨૦૨૩માં કોંગ્રેસ ધર્મના આધાર પર

કોંગ્રેસે 'નવું વર્ષ નવી સરકાર'ના નારા સાથે રાજકીય વર્ષ ૨૦૨૩નો આગાઝ કર્યો

ચૂંટણી લડી શકે છે. આ દરમિયાન તેમણે મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા પર પણ આકરા શાબ્દિક પ્રહારો કર્યા.

પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ કમલનાથ જબલપુરના બરગી વિધાનસભા સ્થિત નાદિયા ઘાટ પહોંચ્યા. તેમણે અહીં ધાર્મિક અનુષ્ઠાનોમાં ભાગ લીધો. તેમણે નાદિયા ઘાટમાં ૨૧ ફૂટ ઊંચા નંદીશ્વર શિવલિંગનું ભૂમિ પૂજન અને હવન કર્યો. ત્યારબાદ તેઓ યાત્રામાં સામેલ થઈ ગયા. તેમણે અહીં મીડિયા સાથે વાતચીત પણ કરી. તેમણે કહ્યું કે, ધર્મનો ઠેકો માત્ર ભાજપે નથી લઈ રાખ્યો. કોંગ્રેસ ધાર્મિક આયોજન ખૂબ જ પહેલાથી કરતી આવી રહી છે. પરંતુ, ક્યારેય તેની પબ્લિસિટી નથી કરતી.

તેમણે કહ્યું કે, મેં સૌથી મોટા હનુમાન મંદિરનું નિર્માણ પણ કરાવ્યું છે પરંતુ, તેનો પ્રચાર નથી કર્યો. ભાજપ માત્ર ધર્મના આધાર પર રાજકારણ કરવા માંગે છે. બીજી તરફ, પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા માટે કરવામાં આવેલા ટ્વીટ અને તેના પર સિંધિયાના જવાબ પર ફરી એકવાર પલટવાટ કર્યો. તેમણે કહ્યું કે, હવે કોંગ્રેસને તોપોની કોઈ જરૂર નથી. જનતા તેમની જ ૧૫ મહિનાની સરકારને યાદ કરી રહી છે. એટલું જ નહીં, પૂર્વ ઝ્ર કમલનાથે મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ પર પણ તીખો હુમલો કર્યો. તેમણે કહ્યું કે, ચૂંટણીના સાત મહિના પહેલા મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણને મહાકૌશલ યાદ આવી રહ્યા છે. આ બધુ માત્ર ચૂંટણી નાટક છે. ત્યાં સુધી કે ભાજપની વિકાસ યાત્રા પણ ફોડ યાત્રા છે. કમલનાથે સરકાર પર સવાલ ઊભા કરતા કહ્યું કે, છેલ્લાં સાત મહિનાથી ભાજપ જનતાને ગુમરાહ કરીને આખરે શું કરવા ઈચ્છે છે. કોંગ્રેસે 'નવું વર્ષ નવી સરકાર'ના નારા સાથે રાજકીય વર્ષ ૨૦૨૩નો આગાઝ કર્યો.

ટિકિટ કાપવામાં આવશે તો પરિણામ ખરાબ આવશે :સાક્ષી મહારાજની ભાજપને ચિમકી

ઉન્નાવ,તા.૨૨

ઉન્નાવ જિલ્લાના સાંસદ સાક્ષી મહારાજે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે તેઓ ઉન્નાવ લોકસભા બેઠક પરથી જ ચૂંટણી લડશે. આ પહેલીવાર નથી જયારે સાક્ષીએ પાર્ટીને સીધી ચેતવણી આપી હોય. અગાઉની લોકસભા ચૂંટણીમાં પણ તેમણે કહ્યું હતું કે ટિકિટ કાપવામાં આવશે તો પરિણામ ખરાબ આવશે.

પોતાના નિવેદનોને કારણે ચર્ચામાં રેહતા ભાજપના ઉન્નાવના સાંસદ સાક્ષી મહારાજે કહ્યું છે કે લોકસભાની ચૂંટણી લડીશ તો માત્ર ઉન્નાવ થી જ લડીશ, નહીં તો હરિદ્વારમાં આરામ કરીશ. આ પહેલાં વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ટિકીટ કપાવવાની ચર્ચા પર સાક્ષી મહારાજે ભાજપને ધમકી આપી હતી કે જો મારી ટિકીટ કપાશે તો તેનો અંજામ ખરાબ આવશે. તે વખતે સાક્ષી મહારાજે ઉત્તર પ્રદેશના તત્કાલીન ભાજપ પ્રદેશ પ્રમુખ મહેન્દ્ર નાથ પાંડેયને પત્ર લખીને કહ્યુ હતું કે તેમની ટિકીટ કાપવમાં આવશે તો પાર્ટીએ ગંભીર પરિણામો ભોગવવા પડશે. સાથે તેમણે એમ પણ લખ્યું હતું કે, આ સંસદીય મત વિસ્તારમાં તેઓ એક માત્ર ઓબીસી ચહેરો છે.

બીજી તરફ સાંસદ સાક્ષી મહારાજે હિન્દુ રાષ્ટ્રીય મહાસભાના અધ્યક્ષ પ્રવીણ તોગડિયાના નિવેદન પર કહ્યું કે, 'દેશમાં કૂતરા અને ગધેડાને અધિકાર છે, હિંદુઓને કોઈ માનવ અધિકાર નથી' અને કહ્યું કે વ્યક્તિની જેવી દ્રષ્ટિ હોય તેવી સૃષ્ટિ હોય છે.મુજબ, જો તમે લીલા ચશ્મા પહેરો તો બધું જ લીલું જ દેખાશે.

સાક્ષી મહારાજે અલીગઢના ધારાસભ્ય રહી ચૂકેલા હાજી ઝમીરના એક નિવેદનનો પણ જવાબ આપ્યો હતો. હાજી જમીર ઉલ્લા ખાને એવું નિવેદન આપ્યુ હતું કે બુરખા પર પ્રતિબ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

NOG SS No : 0110
પ્રકાર : ગદ્ય-મૌલિક લેખ
વિષય : ઘર, પરિવાર અને લગ્નજીવન
શબ્દો : ૩૪૯
શીર્ષક :'મનુષ્ય એક વરદાનયુક્ત પ્રાણી'
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

કોઈપણ વ્યક્તિની સુખની પરિભાષામાં પોતાનું ઘર, પરિવાર અને લગ્નજીવન ખુબ મહત્વનો ભાગ ભજવે છે. એક મનુષ્ય જ એવું સંવેદનશીલ પ્રાણી છે જે ઈંટ, રેતી, સિમેન્ટ અને કોંક્રીટના ખોખાને ઘરમાં પરિવર્તિત કરે છે. ફક્ત મનુષ્ય પાસે જ લાગણીઓની આપ-લે કરતો પરિવાર હોય છે અને લગ્નજીવન તો એક સામાજિક વ્યવસ્થાના ભાગરૂપે ફક્ત મનુષ્યના જીવનમાં જ હોય છે. લગ્નજીવનથી સંકળાયેલ વ્યક્તિ ન માત્ર સામાજિક પરિપ્રેક્ષ્યમાં પરસ્પરની જવાબદારીઓનું વહન કરે છે પરંતુ સ્ત્રી અને પુરુષ બંને પાત્રો જીવનભર એકબીજાની ખુબીઓ અને ખામીઓ સાથે સ્વીકારીને આનંદભેર જીવન સફર તય કરવાનું નક્કી કરે છે.

ન્ય પશુ પંખીઓ પાસે પણ પોતાનું ઘર અને પરિવાર જરૂર હોય છે. પરંતુ તેમનું ઘર સ્થાયી હોતું નથી અને પરિવાર પણ અસ્થાયી હોય છે. સમયાંતરે તેઓ પોતાના માળા કે ગુફાને ઘર બનાવે છે અને પોતાના બચ્ચાંઓ સાથે સુરક્ષિત જીવન જીવી જાય છે.

પોતાના કુટુંબ કે પરિવાર માટે તેઓ પણ અખૂટ લાગણી ધરાવતા હોય છે પરંતુ એક ઉંમર કે સમય પછી તેઓ એકબીજાથી વિખુટા પડી જાય છે અને પરિવારના લાગણીના સંબંધો કપાતા જાય છે. લગ્નજીવનની સુનિયોજિત વ્યવસ્થા પશુ પંખીઓમાં નથી અને તેને લાંબા સમય સુધી અનુસરતા પણ નથી. આમ પશુ પંખીઓ મનુષ્ય કરતાં આ બધી બાબતે જુદા પડે છે.

આ બધું હોવા છતાં કેટલીય વખત જોવામાં આવે છે કે મનુષ્ય પોતાને પ્રાપ્ત થતી ઘર, પરિવાર અને લગ્નજીવન જેવી વરદાનયુક્ત સામાજિક વ્યવસ્થાઓને પણ અવગણવામાં આનંદ અનુભવતો હોય છે અથવા મજબૂર બને છે. આના ઘણા કારણો હોઈ શકે છે. કેટલાક સંત, મહાત્મા, સિદ્ધ આત્માઓ કે પોતાના લક્ષ્ય તરફ ગંભીરતાથી પ્રવૃત્ત લોકો ઘણી વખત ઘર, પરિવાર અને લગ્નજીવનથી વિમુખ રહેવાનું પસંદ કરે છે. સામાન્ય સંજોગોમાં મનુષ્ય માટે આ સ્વીકાર્ય હોતું નથી કારણ કે મૂળભૂત રીતે મનુષ્ય એક લાગણીપ્રધાન અને સંવેદનશીલ પ્રાણી છે. જીવનમાં તેને લાગણી, હૂંફ, સંવેદનાઓ અને સારી અને નબળી પરિસ્થિતિમાં તેને સાથ આપનાર અને સમજી શકનાર જીવનસાથીની તથા પરિવારની જરૂર રહે છે.

મનુષ્ય કુટુંબ પ્રેમી પ્રાણી છે. તે પોતાના પરિવાર માટે અખૂટ પ્રેમ ધરાવતો હોય છે અને કુટુંબ પ્રત્યેની જવાબદારીઓ નિભાવવામાં તે ક્યારેય પાછો પડતો નથી. ઘર મનુષ્યને સુખ, શાંતિ, ઐશ્વર્ય અને મનની શાંતિ આપે છે જ્યારે પરિવાર સારા અને નબળા સંજોગોમાં તેની પડખે ઉભો રહે છે. લગ્નજીવન મનુષ્યને જવાબદારીનો અહેસાસ કરાવે છે અને પરિવાર અને સમાજને સુરક્ષા પ્રદાન કરવામાં મદદરૂપ થાય છે.

-નિખિલ કિનારીવાળા, અમદાવાદ
૨૨ જાન્યુઆરી ૨૦૨૩

NOG SS NO :126
નામ : મોહનભાઈ આનંદ
પ્રકાર : ગદ્ય
વિષય : ઘર , પરિવાર અને જીવન

પ્રાણી માત્રની નિતાંત આવશ્યકતા એટલે જ એક ઘર હોય એમાં એનો પરિવાર હોય અને એવું એક દિવ્યતા સભર દામ્પત્ય જીવન હોય એ સ્વર્ગથી પણ સુંદર કલ્પના અને હકીકત પણ હોય છે.આમનુષ્ય જીવન અતિ દુર્લભ છે,એ પૂણ્ય કર્મોના હિસાબે જ મળે છે. જીવનમાં રસાનુભૂતિ મેળવી શકાય એ માટે વ્યક્તિગત એક

ભાવ ઊર્મિ અને પ્રાકૃતિક ત્યાગના બળ ઉપર સંસારનો માળો રચાય છે.

માનવ દેહમાં જન્મ લેવા પ્રથમ માતા પિતાની જરૂર પડે છે અને એમને સંબંધના નિર્વાહ માટે અન્નની જરૂર પડે છે.અન્નથી જ પ્રાણી સમુદાય ઉત્પન્ન થાય છે.માટે ધર્મથી કર્મ દ્વારા અર્થ ઉપાર્જન પછી

કામનાની પૂર્તિ થાય છે ત્યાં મોક્ષ પુરુષાર્થ સુલભ બની જાય છે.

પરિવાર નો અર્થ છે એકબીજા ના સુખ દુ:ખમાં, જરૂરિયાતમાંસહભાગી થવું, પોતાની શક્તિ અને સામર્થ્ય તથા સંપત્તિ નો ત્યાગ કરવો જોઈએ તો જ પરિવાર ટકી રહે છે.દામપત્ય જીવનમાં મધુરતા માટે સૌપ્રથમ પ્રેમ આવશ્યક છે, પ્રેમ એટલે જ સહાનુભૂતિ, સૌજન્ય સન્માન અને શરણાગતિ નો સમન્વય, જ્યાં આટલું હોય ત્યાં દામ્પત્ય જીવન ખુશખુશાલ બની જાય છે.

દામપત્ય સુખ એટલે કે વડીલો પ્રત્યે વફાદારી અને નાના ઓ પ્રત્યે કરુણા સહાનુભૂતિ અને ઉદારતા. બસ આટલું હશે ત્યાં

રામ રાજયની કલ્પના કરવી પડે નહીં.

એમ દેશમાં પણ એક કુટુંબ અને પરિવાર છે એવી વિશ્વ કૌટુંબીક ભાવના જાગૃત થશે તો સૌનું કલ્યાણ થશે. ભેદભાવ , જાત પાત વગેરે ભૂલી સૌમાં ઈશ્વર જૂએ ત્યાં ઈશ્વરની કૃપા મળશે.

ગુજરાતી મેળો :આધ્યાત્મિક અને વિવિધ વિષય

લેખમાળા-૮૦:ભરત સાંગાણી

ભારતીય સંસ્કૃતી મા સોમયજ્ઞ સમગ્ર બ્રહ્માંડનું કેન્દ્ર સોમયજ્ઞ ની પરિક્રમા એ સમગ્ર બ્રહ્માંડની પરિક્રમાનું ફળ આપે છે.આપણા દેશ અને વિશ્વ નુ કલ્યાણ થાય છે..

સોમયજ્ઞનો પરિચય..

સોમયજ્ઞ એ પરબ્રહ્મ પરમાત્માનાં ભજનનો યજ્ઞીય પ્રકાર છે. સોમ યજ્ઞમાં વપરાતી સોમવલ્લી/સોમલતા એ પરબ્રહ્મનું સ્વરૂપ માનવામાં આવે છે. સોમયજ્ઞમાં થતી વિધિ ભક્તિમાર્ગીય સેવાનું કર્મમાર્ગીય પ્રતિરૂપ છે. જેમ ભગવદર્શનનો મહિમા છે તેમ સોમયજ્ઞના દર્શનનો પણ મહિમા છે. સોમયજ્ઞના મંડપને સમગ્ર બ્રહ્માંડનું કેન્દ્ર માનવામાં આવે છે. સોમયજ્ઞની પરિક્રમા એ સમગ્ર બ્રહ્માંડની પરિક્રમાનું ફળ આપે છે.

સોમયજ્ઞ શુદ્ધ વૈદિક વિષ્ણુયાગ છે. આ યજ્ઞમાં સાધારણ યજ્ઞોની જેમ 'સ્વાહા' નહીં પણ 'વષટ્' નું ઉચ્ચારણ કરીને વૈશ્વ્વાનર અગ્નિમાં આહુતી અપાતી હોય છે. આ સોમયજ્ઞ આપણી પ્રાચીન વૈદિક સંસ્કૃતિનો એવો સર્વાતૂષ્ટ યજ્ઞ છે કે જેના ગૌરવ અને સર્વતોમુખી મહત્વની બીજા કોઈ યજ્ઞ સાથે સરખામણી ન થઈ શકે. જીવનતત્વ: સોમ વિષ્ણુનું નામ છે. સોમ ચંદ્રમાનું નામ છે. સોમ એક એવું જીવનતત્ત (vitality) છે. જેને જીવનનાં પ્રત્મેક બિંદુમાં સમુદ્રની જેમ લહેરાતું જોઈ શકાય છે. તેવું સૂત્ર આપણને વૈદિક સિદ્ધાંતથી શાસ્ત્રોમાં પ્રાપ્ત થાય છે. સોમ સંગઠન, સભ્યતા, સફળતા, સંપન્નતા, સુખ, સમન્વય તથા સામાજિકતાનું સૂત્ર છે. પ્રાણીમાત્રના કલ્યાણ માટે જગતગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીના પૂર્વજ શ્રી યજ્ઞનારાયણ ભટ્ટજી, જેઓ સાક્ષાત્ વેદમુર્તિ હતા, તેમને શ્રીયજ્ઞ નારાયણ ભગવાને પ્રસન્ન થઈને આજ્ઞા આપી હતી કે તમારા કુળમાં જ્યારે ૧૦૦ સોમયજ પૂર્ણ થશે ત્યારે હું સ્વયં આપના કુળમાં પ્રગટ થઈને સનાતન તેમજ વૈષ્ણ ધર્મની રક્ષા કરી પ્રાણી માત્ર ના કલ્યાણ માટેનો માર્ગ બતાવીશ.

અક્ષય ફળનું સૌભાગ્ય:

સોમયજ્ઞમાં વેદોનો સમસ્ત વૈજ્ઞાનિક ક્રમ યજ્ઞદર્શન તથા વેદની ઋચાઓનાં શ્રવણનું અદભુત મહત્વક છે. પીળા અક્ષત દ્વારા આશીર્વાદ લેનારને અક્ષય ફળ પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય મળે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે

'અનાહુડ્ધ્વરંગચ્છ લોકોએ યજ્ઞમાં આમંત્રણ વિના દર્શન કરવાં જવું જોઈએ. સૌમયજ્ઞનો હેતુ: આ સોમયજ્ઞ સનાતન વૈદિક સંસ્કૃતિની રક્ષા માટે, વિશ્વકલ્યાણ માટે, વૈશ્વ્વિક શાંતિ માટે, પર્યાવરણની શુદ્ધિ માટે, શક્તિનાં સૂત્ર સાથે સંબંધ જોડવા માટે કરવામાં આવે છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ યજ્ઞય પરંપરાનું અન્વેષણ- પરીક્ષણ કરતાં જોવા મળ્યું છે કે યજ્ઞનો પ્રભાવ, શુદ્ધ અને સાત્વિક હોય છે. માનવસમાજના નિત માટે સોમયજ્ઞથી વિશેષ એવો કોઈ પ્રકાર નથી કે જે સ્વાસ્થય, શક્તિ, આત્મતેજ, બળ, આયુ, સંપન્નતા તથા સમૃદ્ધિના માધ્યમથી જીવનનો વિકાસ કરે.

આપણે ભારતીય છીએ. આપણને ભારતીયતાનું ગૌરવ છે. આપણે વૈદિક સનાતન ધર્માવલંબી છીએ, આપણને ભારતીય વૈદિક સંસ્કૃતિમાં આસ્થા, શ્રદ્ધા અને પ્રેમ હોવો જોઈએ. તો આવો... આપણું સૌભાગ્ય માનીને તેમજ પવિત્ર કર્તવ્ય સમજીને આપણે આ ભવ્ય અગ્નિષ્ટોમ મહાસોમયજ્ઞના મંગલ મહોત્સવમાં સેવા- દર્શનના સૌભાગ્યશાળી બનીએ.

રાષ્ટ્રની ઉન્નતિની ભાવના યજ્ઞમાં રાષ્ટ્રોન્નતિની ઉદાત્ત ભાવના હૃદયમાં ધારણ કરી, યજ્ઞભૂમિનું

માતૃભૂમિના સ્વરૂપે પૂજન કરી, ત્યાર પછી યજન કરવામાં આવે છે. ગીતાજી અનુસાર યજ્ઞ કરવાથી વરસાદ આવે છે. વરસાદ થવાથી અનાજ ઉત્પન્ન થાય છે. આ રીતે ધન- ધાન્યથી હરીભરી બનેલી માતૃભૂમિ પ્રસન્ન થાય છે. સમગ્ર જન સમાજમાં આનંદની લહેર ફેલાઈ જાય છે. યજ્ઞ માત્ર માનવી નહીં પ્રાણીમાત્રના કલ્યાણની ભાવનાથી સભર એવું વિશ્વકલ્યાણમય દિવ્ય અનુષ્ઠાન છે.

યજ્ઞ સ્વાસ્થ્યની ઉન્નતિ

યજ્ઞના અગ્નિમાં વનસ્પતિના સ્થૂળરૂપમાં વિનિયોગ થાય છે. સૂક્ષ્મ રૂપે વનસ્પતિ (ઔષધીઓનો) પ્રભાવ યજ્ઞના ધુમાડા દ્વારા સમગ્ર વાયુમંડળમાં ફેલાઈ જાય છે. તેનાથી પૃથ્વી, જળ, પ્રકાશ, વાયુ અને આકાશમાં રહેલા કીટાણુઓ નિષ્ક્રિય થઈ જાય છે. યજ્ઞ પર્યાવરણ પ્રદૂષણને દૂર કરી, વાયુમંડળને શુદ્ધ કરે છે. પરિણામે પ્રાકૃતિક પર્યાવરણ અને વાયુમંડળની શુદ્ધિ થાય છે. માનવશરીરની સૂક્ષ્મ કોશિકાઓ તેમજ મન અને મસ્તકમાં યજ્ઞનો ધુમાડો સુક્ષ્મરૂપે પોતાનો પ્રભાવ પાડે છે. જેનાથી માનવનો સ્વભાવ બદલાઈ જાય છે. કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષા, ભય, દ્વેષ જેવા શત્રુ (શરીરરૂપીઘરમાંથી) ભાગી જાય છે. વનસ્પતિ ઔષધીઓના ધુમાડાથી માનસિક તનાવ (ડિપ્રેશન) દૂર થાય છે.

શ્રી વલ્લભકુળ પરંપરામાં સોમયજ્ઞનું મહત્વ: યજ્ઞશૃંખલાનોપ્રારંભ શ્રી યજ્ઞનારાયણ ભટ્ટજીએ સોમયજ્ઞ કરીને ભગવદ્ આજ્ઞાનું પાલન કર્યું. તેમના પુત્ર શ્રી ગંગાધરજીએ સોમ યજ્ઞો કર્યા. તેમના પુત્રશ્રી ગણપતિભટ્ટે સોમયજ્ઞ પૂરા કર્યા હતા તેમને ત્યાં શ્રીવલ્લભ ભટ્ટજી નામે પુત્ર થયા જે સંપૂર્ણ ગુણવાન સૂર્ય જેવા તેજસ્વી હતા સ્વહસ્તે સોમયજ્ઞો કર્યા, તેમના પુત્ર શ્રી લક્ષ્મણ ભટ્ટજીએ સોમયજ્ઞો કર્યા. આ પ્રકારે ??સોમયજ્ઞોનાં ફળસ્વરૂપે મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યનો પ્રાદુભાવ થયો. ત્યારથી શ્રી વલ્લભ કુળ પરંપરામાં સોમયજ્ઞનું અનેરૂ મહત્વ છે.

સોમયજ્ઞમાં ભિક્ષાનું મહત્વઆ યજ્ઞમાં ભિક્ષાને સનિહાર કહેવામાં આવે છે. નિયમ અનુસાર રાજા પણ

અશ્વ્રમેધ યજ્ઞ કે રાજસૂય યજ્ઞ કરે ત્યારે તેમને પણ ભિક્ષા માગવી જોઈએ. આ વિધિ દરેક યજ્ઞમાં ત્રણથી પાંચ વાર કરવામાં આવે છે. યજમાન

મૃગચર્મમાં ભિક્ષાગ્રહણ કરે છે.બલિરાજા ના યજ્ઞમાં વામન ભગવાને ભિક્ષા માંગી હતી, તેનું રહસ્ય આ પ્રમાણે છે. બલિરાજા અસુર હતા, યજ્ઞ કરાવનાર શુક્રાચાર્ય અસુર હતા. ઉબલિરાજા પાસે 'મુદ્રારાક્ષસ' (ધનસંપત્તિ) પણ આસુરી હતી. તેથી તેમના દ્વારા કરવામાં આવતો યજ્ઞ પણ આસુરી થઈ જાય. એટલે તે અસુર યજ્ઞને 'સુર' (દૈવ) મય બનાવવા માટે વામન ભગવાને મુદ્રારાક્ષસનો-આસુરી સંપત્તિનો ભિક્ષા લઈને ઉદ્ધાર કર્યો. આ મુદ્રાને દૈવી સંપત્તિ (લક્ષ્મીદેવી) નું સ્વરૂપ પ્રદાન કરી બલિરાજાનો યજ્ઞ સંપન્ન કરાવ્યો હતો. પ્રત્યેક સોમયજ્ઞ પછી એક હજાર બ્રાહ્મણોને ભોજન કરાવવાનું વિધાન છે. યજમાન તેની અનુકૂળતા પ્રમાણે કૃષ્ણાર્પણ કરે છે.

લાપસી પારાવાર વિટંબણાઓ છે માર્ગમાં તેથી જો હરિફાઈઓ તો છે સર્ગમાં

ભરત સાંગાણી

ત્રિપુરામાં ભાજપ સામે કોંગ્રેસ અને ડાબેરી પક્ષો એક થઈ ચુંટણી લડે તેવી સંભાવના

અગરતલા,તા.૨૨

ત્રિપુરામાં ૧૬ ફેબ્રુઆરીએ થનારી વિધાનસભા ચૂંટણીમાં મતદાન માટે શનિવારથી ઉમેદવારીપત્ર ભરવાની શરૂઆત થઈ. ત્રિપુરાની સાથે પૂર્વોતરમાં મેઘાલય અને નાગાલેન્ડમાં પણ ચૂંટણીઓ યોજાવાની છે. ત્રણેય રાજ્યમાં ભાજપસમર્થિત સરકારો છે. તેમાંથી ત્રિપુરા અને મેઘાલયમાં તૃણમૂલ કોંગ્રેસે ચૂંટણીમાં ઝંપલાવતા જંગ ત્રિપાંખિયો થઈ જવાની શક્યતા છે. તૃણમૂલ બંગાળની જેમ અહીં પણ ભાજપ સામે 'બાહરી' કાર્ડ રમી રહી છે. આમ તો ત્રિપુરામાં અત્યાર સુધી કોઈ પણ પક્ષે ઉમેદવાર જાહેર નથી કર્યા.

રાજયની ૬૦ સભ્યની વિધાનસભામાં આદિવાસી સમાજનું વર્ચસ્વ રહ્યું છે, પરંતુ થોડાં વર્ષોમાં બાંગ્લાદેશના શરણાર્થીઓ આવવાથી બંગાળી ભાષીઓની અલગ મતબેંક ઊભી થઈ છે. આ પરિબળો વચ્ચે ૨૦૧૮માં ભાજપે પહેલીવાર આ રાજયમાં મોટી જીત મેળવી હતી. તેમાં આદિવાસી મતબેંક મહત્ત્વની હતી. ૧૪ બેઠક ધરાવતી પશ્ચિમ ત્રિપુરા બેઠકમાં ભાજપે ૧૨ બેઠક જીતી હતી.

૧૯૭૮ પછી ત્રિપુરામાં ડાબેરી પક્ષો હાવી છે. દરેક ચૂંટણી સાથે કોંગ્રેસની મતબેંક અને બેઠકો પણ ઘટી છે. ૨૦૧૩ની ચૂંટણીમાં ડાબેરી મોરચાએ ૫૦ બેઠક જીતી હતી, જ્યારે કોંગ્રેસને દસ બેઠક મળી હતી. ૨૦૧૬માં તેમાંથી છ ધારાસભ્ય તૃણમૂલમાં જોડાઈ ગયા. આ વખતે કોંગ્રેસે ભાજપને હરાવવા તેમના પણ વિરોધી ડાબેરી પક્ષો સાથે ગઠબંધન કર્યું છે, જ્યારે તૃણમૂલ એકલપંડે લડશે. આ સ્થિતિમાં જંગ ત્રિપાંખિયો થઈ શકે છે.

ભાજપે જે ફોર્મ્યુલાથી ઉત્તરાખંડમાં રિવાજ બદલ્યો હતો, તેવી જ રીતે તે ત્રિપુરામાં મેદાનમાં છે. ૨૦૧૮માં દેવને મુખ્યમંત્રી બનાવ્યા હતા,આ ચૂંટણી પહેલાં માણિક સાહાને મુખ્યમંત્રી બનાવી દીધા. તેમણે સ્થાનિક આદિવાસી સંગઠન ઈન્ડિજિનિયસ પીપલ્સ ફ્રન્ટ ઓફ ત્રિપુરા સાથે ગઠબંધનની જાહેરાત કરી છે. ભાજપ સામે પડકાર એ છે કે આદિવાસી અધિકાર પાર્ટી તેમની વિરુદ્ધ માહોલ બનાવી રહી છે અને કેટલાક નેતાઓ પણ પક્ષ છોડી રહ્યા છે.

અહીં નેશનલ પીપલ્સ પાર્ટીના નેતૃત્વવાળી ગઠબંધન સરકાર છે. મુખ્યમંત્રી કોનરાડ સંગમા છે. ૨૦૧૮માં કોંગ્રેસ ૨૧ બેઠક જીતીને સૌથી મોટો પક્ષ બની હતી. ત્યારે સરકાર બનાવવા ભાજપ સહિત અન્ય પક્ષોએ એનપીપીનું સમર્થન કર્યું હતું. હવે ચૂંટણી પહેલાં સંગમાએ કહ્યું છે કે અમારો પક્ષ એકલાહાથે મેદાનમાં ઉતરશે. બીજી તરફ, કોંગ્રેસમાં શિલોંગ સાંસદ વિન્સેન્ટ એચ. પાલા જ આખા રાજયનો અગ્રણી ચહેરો છે કારણ કે, પૂર્વ મુખ્યમંત્રી મુકુલ સંગમા ૧૨ ધારાસભ્ય સાથે પક્ષ છોડી ચૂક્યા છે.

નાગાલેન્ડ એવું રાજ્ય છે, જ્યાં તમામ પક્ષ સત્તાધારી ગઠબંધન સાથે જોડાયેલા છે. પરંતુ નગા જાતીય સંગઠનોનું વલણ કડક છે. નગા સંગઠનો કહી ચૂક્યાં છે કે જ્યાં સુધી નગા સમસ્યાનો ઉકેલ નહીં આવે, ત્યાં સુધી ચૂંટણીનો બહિષ્કાર કરાશે. ભાજપે રિયોને ૪૦ અને પોતાને ૨૦ બેઠક આપવાનો પ્રસ્તાવ માની લીધો છે. ગઈ ચૂંટણીમાં પણ ભાજપ આ જ ફોર્મ્યુલા પર સંમત થયો હતો. હાલમાં જ ભાજપના ત્રણ જિલ્લા અધ્યક્ષે જેડીયુમાં જોડાઈ ગયા હતા.

ચીનને ભારતની તાકાત સારી રીતે ખબર છે, ૨૦૪૭ સુધીમાં ભારત વિશ્વની ટોપ ઈકોનોમી બનશે

લખનૌ,તા.૨૨

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ પહોંચેલા ભારતના રક્ષા મંત્રી રાજનાથ સિંહે પાકિસ્તાનને લઈને એક મોટું નિવેદન આપ્યું છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે પાડોશી દેશ પાકિસ્તાનની આર્થિક કંગાળી પર કહ્યું કે, પછી પાકિસ્તાન ઓક્યૂપાઈડ કાશ્મીર હોય કે પાકિસ્તાન હોય ત્યાંની જનતા સુખી રહે, અમે હંમેશાં એ જ કામના કરીશું કેમ કે ભારત દુનિયાનો એકમાત્ર દેશ છે જેણે ભારતની સીમામાં રહેતા લોકોને પોતાના જ પરિવારના સભ્ય માન્યા છે, પરંતુ આખા વિશ્વની પટલ પર રહેનારા લોકોને પરિવારના સભ્ય માનતા વસુધૈવ કુટુંબકમ એ સંદેશ આપનારો ભારત છે.

તેની સાથે જ રક્ષા મંત્રી રાજનાથ સિંહે કામના કરી કે કરવામાં PoK હોય કે પાકિસ્તાન હોય કોઈ સંકટમાં ન રહે, બધા સુખી થાય. કોઈ ભૂખથી, તરસથી દમ તોડી ન દે, એવી સ્થિતિ ઉત્પન્ન ન થઈ શકે એ જ અમે કામના કરીશું. તેની સાથે જ ચીનના વારંવાર ભારતને આંખ દેખાડવાના સવાલ પર તેમણે કહ્યું કે, તેને ભારતની તાકાત સારી રીતે ખબર છે. મારે આ સંબંધમાં કોઈ ટિપ્પણી કરવાની જરૂરિયાત નથી. ભારત આજે દુનિયાની ટોપ-૫ અર્થવ્યવસ્થામાં પહોંચી ચૂક્યું છે.

અર્થવ્યવસ્થાના જાણકાર એ માનવા લાગ્યા છે કે વર્ષ ૨૦૨૭ સુધી ભારત દુનિયાના ટોપ-૩ અર્થવ્યવસ્થા બની જશે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જે પ્રકારે દેશ આગળ વધી રહ્યો છે, વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારત વિશ્વની ટોપ અર્થવ્યવસ્થા બની જશે. ઉલ્લેખનીય છે કે રાજનાથ સિંહે પ્રયાગરાજમાં પશ્ચિમ બંગાળના પૂર્વ ગવર્નર દિવંગત કેશરી નાથ ત્રિપાઠીને શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે, પંડિત કેશરી ત્રિપાઠીને હું મોટા ભાઈના રૂપમાં જોતો હતો. તેમની યોગ્યતા અને પ્રતિભા ક્ષમાતાથી આખો દેશ સારી રીતે પરિચિત છે અને તેમના નિધનથી આખા દેશમાં અપૂર્ણિય ક્ષતિ થઈ છે.

રાજનાથ સિંહ પૂર્વ રાજ્યપાલ કેશરીનાથના બેસણામાં ભાગ લેવા માટે પ્રયાગરાજ પહોંચ્યા હતા. રાજનાથ સિંહ લગભગ એક કલાક સુધી લોહિયા માર્ગ સ્થિતિ પૂર્વ રાજયપાલના આવાસ પર રહ્યા હતા. તેમણે કેશરીનાથન ફોટો પર પુષ્પ અર્પિત કર્યા બાદ તેમના પુત્ર નીરજ ત્રિપાઠી, પુત્ર વધુ કવિતા યાદવ ત્રિપાઠીને મળીને તેમનું મનોબળ વધાર્યું. રાજનાથ સિંહે કેશરીનાથ ત્રિપાઠી સાથે વિતાવેલી પોતાની પળોને યાદ કરી. સેનાના વિમાનથી પ્રયાગરાજ પહોંચ્યા હતા.

અમદાવાદના બે યુવક ઓકલેન્ડના દરિયામાં ડૂબ્યા,હેલિકોપ્ટરથી બચાવ કરાયો છતાં મોતને ભેટ્યા

નવીદિલ્હી,તા.૨૨

શનિવારે સાંજે પશ્ચિમ ઓકલેન્ડના પીહા ખાતે દરિયામાં ડૂબી જતાં બે લોકોનાં મોત થયાં છે. આ બંને યુવક અમદાવાદના હોવાનું સામે આવ્યું છે. ઈન્ડિયન હાઈ કમિશન દ્વારા પણ બંનેનાં મોતની પુષ્ટિ કરવામાં આવી છે અને અમદાવાદ ખાતે રહેતાં તેમનાં માતા-પિતાને જાણ કરવામાં આવી છે. ઘટનામાં ૨૮ વર્ષીય સૌરિન નયનકુમાર પટેલ અને ૩૧ વર્ષીય અંશુલ શાહનું મોત થયું છે. પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતુ કે પીહા બીચ પર ઈમર્જન્સી ક્રૂને સાંજે ૬ વાગ્યા પછી બોલાવવામાં આવ્યા હતા. લાઈફગાર્ડ્સ દ્વારા કિનારે લાવવામાં આવતાં બે લોકો પ્રતિભાવવિહીન હતા. તાત્કાલિક તબીબી સારવાર આપવા છતાં તેમને પુનર્જીવિત કરવામાં અસમર્થ હતા. સૌરીન પટેલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર હતા જે ઓગસ્ટમાં ન્યુઝીલેન્ડ આવ્યા હતા, જ્યારે અંશુલ શાહ, ગેસ સ્ટેશન પર કેશિયર તરીકે કામ કરતા હતા અને નવેમ્બરમાં ન્યુઝીલેન્ડ આવ્યો હતા. નોંધનીય છે કે ઓકલેન્ડ શહેર વિસ્તારમાં ૪૮ કલાકની અંદર પાંચ લોકો ડૂબી જવાના અહેવાલ છે.

ભારતીય હાઈ કમિશન હાલ પરિવારના સંપર્કમાં છે અને મૃતદેહને પરત મોકલવા અંગે તજવીજ હાથ ધરી છે. અંશુલ અને સૌરીન પેટ્રોલિંગ વિસ્તારની બહાર સ્વિમિંગ કરી રહ્યા હતા, તેમને લાઈફગાર્ડ્સ દ્વારા કિનારે લાવવામાં આવ્યા હતા જેમણે તેમને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમાં નિષ્ફળતા મળી હતી.

સ્થાનિક મીડિયા અનુસાર, હેલિકોપ્ટર બચાવ કામગીરીમાં મદદ કરવા માટે પહોંચ્યાં હતાં. એક સ્થાનિકે મીડિયા રિપોર્ટમાં કહ્યું કે, હેલિકોપ્ટર આવ્યું અને એક વ્યક્તિને બચાવવાની કામગીરી શરૂ કરી, એટલામાં એક મહિલા પોલીસકર્મી બીજા વ્યક્તિને બચાવવા હેલિકોપ્ટરમાંથી કૂદે છે. તેમણે તે વ્યક્તિને કેવી રીતે જોયો તે અમને ખબર નથી. સર્ફ લાઈફ સેવર્સે સ્થાનિક મીડિયાને જણાવ્યું કે, ×બે લોકો એકસાથે પાણીમાં પ્રવેશ્યા હોવાનું માનવામાં આવે છે અને લાયન રોકની ઉત્તરે મળી આવ્યા હતા.

દુનિયાના સૌથી મોટા લોકતંત્ર સમ્રાટ આટલા અસુરક્ષિત બીબીસી ડોક્યુમેન્ટ્રી બ્લોક કરવા પર મહુઆનો કટાક્ષ

કોલકતા,તા.૨૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર બનાવેલી બીસીસી ડોક્યુમેન્ટ્રી ઈન્ડિયા: ધી મોદી ક્વેશ્ચન ના ભાગને સોશિયલ મીડિયા પર રિલીઝ કરવાને લઈને મોદી સરકાર રોક લગાવી દીધી છે. ભારત સરકારે મોદીએ પોતાની ઈમરજેન્સી શક્તિઓનો ઉપયોગ કરીને બીસીસીની ડોક્યુમેન્ટ્રી પર બેન લગાવી છે. આ ડોક્યુમેન્ટ્રી સમગ્ર મામાલે તૃણમૂલ કોંગ્રેસના સાસંદ મહુઆ મોઈત્રાએ કહ્યુ કે, દુનિયાના સૌથી મોટા લોકતંત્રના સમ્રાટ અને તેમના દરબારી કેન્દ્ર સરકારની બીબીસીની ડોક્યુમેન્ટ્રીને યુટ્યુબ પર બેન કરવાની આલોચના કરી છે.મહુઆ મોઈત્રાએ ટ્વીટ કરીને કહ્યુ છે કે, × સરકારે એ સુનિશ્ચિત કરવા માટે યુદ્ધસ્તર પર કામ કરવાનું શરુ કરી દિધુ છે. કે બીબીસી ડોક્યુમેન્ટ્રી શો કોઈ ના જોઈ શકે. શર્મની વાત છે કે, દુનિયાના સૌથી મોટા લોકતંત્રના સમ્રાટ ને દરબારી સુરક્ષિત બને × મહુઆ મોઈત્રા પહેલા ટીએમસી સાંસદ ડેરેક ઓ બ્રાયન સેંસરશિપ પર આરોપ લગાવતા. કહ્યુ છે કે, મારા ટ્વીટરને હટાવી દિધુ છે. ડેરેક ઓ બ્રાયને કહ્યુ કે, ×સેસરશિપ ટ્વીટર ઈન્ડિયાએ ઈમ્ઝ ડોક્યુમેન્ટ્રી પરથી મારા ટ્વીટર પરથી હટાવી દિધુ છે. તેને લોખો વ્યુઝ મળ્યા છે .૧ કલાકની ડોક્યુમેન્ટ્રીથી ખબર પડે છે. પીએમ મોદીએ અલ્પસંખ્યકોને નફરત કરે છે. વિપક્ષ લડાઈ લડવાનુ ચાલુ રહશે.

આત્મનિરીક્ષણ દ્વારા તમારા મનને સેનિટાઈજ કરો - સંત રાજીન્દર સિંહજી મહારાજ



સંત રાજીન્દર સિંહજી મહારાજ ના પ્રમાણે આત્મનિરીક્ષણ એ આપણા માટે છીણીનું સાધન છે. જો આપણે માટીનું શિલ્પ છે, તો આત્મનિરીક્ષણ એ એક છીણી છે જેના દ્વારા આપણે આપણી રફ ધાર અને અપૂર્ણતાઓને સરળ બનાવી શકીએ છીએ જેથી ભગવાન આપણને બનાવવાનો ઈરાદો માસ્ટરપીસ બની શકે. અપૂર્ણતા ફક્ત સુંદરતા માટે જ નથી. અપૂર્ણતા એ ભૂલો છે જેનો ઉપયોગ મન આપણને ભગવાન તરફ પાછા ફરતા અટકાવવા માટે કરે છે. અપૂર્ણતા એ આપણીમાં રહેલી નબળાઈઓ છે જેમાં મન આત્મા ઉપર જીતે છે.

ઉદાહરણ તરીકે, જો આપણી પાસે ગુસ્સોની અપૂર્ણતા હોય, તો મન તેના ફાયદા માટે કોઈની સાથે પણ જવાનું, કોઈને દુખ પહોંચાડે છે, અન્યાય કરે છે અથવા બદલો લેવાની ઈચ્છા રાખે છે તેના વિચારોમાં રોકાય છે. આ બધા વિચારો આપણા મગજમાં કબજે કરે છે અને તેને શાંત થવા દેતા નથી.

સંત રાજીન્દર સિંહજી મહારાજ ના પ્રમાણે અહંકાર એ બીજી અપૂર્ણતા છે જેનો ઉપયોગ મન તેના ફાયદા માટે કરે છે. તે આપણને ભગવાન વિશે વિચાર કરવાને બદલે પોતાને વિશે ખૂબ વિચાર કરવા દે છે. ભગવાન આપણને ભૂલી જાય છે. આપણે પણ વિચારીએ કે આપણને ભગવાનની જરૂર નથી. આપણે ભૂલીએ છીએ કે ભગવાન આપણી પાસે જે ઉપહાર છે તે આપનાર છે. જ્યારે આપણે ભગવાનને ભૂલીએ છીએ, ત્યારે મન આપણને પોતાના વિચારોથી ભરી દે છે. આપણે આપણી સંપત્તિ, આપણી સુંદરતા, આપણી બુદ્ધિ અને આપણી કુશળતા વિશે વધુ વિચારવાનું શરૂ કરીએ છીએ. ધ્યાનમાં મન સ્થિર કરવાને બદલે, આપણું મન તેના ઉપહારોના વિશાળ રાજ્ય વિશે વિચારે છે અને તેમના પર નિવાસ કરે છે. આપણે બીજાઓને દુખ પહોંચાડવાનું શરૂ કરી શકીએ છીએ, જેમની પાસે આપણી પાસે ઉપહાર નથી. તે પછી, આપણે ફક્ત આપણે કેટલા મહાન છીએ તે વિશે પણ વિચારવાનું શરૂ કરીએ છીએ, પરંતુ દરેક જણ કેટલું નજીવું છે. મન ખુશ છે કે તેણે આપણને વિચલિત કર્યું છે. જો આપણે આ અપૂર્ણતાને આત્મનિરીક્ષણની પ્રક્રિયા દ્વારા ઓળખીએ, તો આપણે અહંકારને દૂર કરી શકીએ અને નમ્રતા મેળવી શકીશું.

તેથી, અમને ભગવાનનો પ્રકાશ અને અવાજ સાથે જોડાણ હોવાની કૃપા પ્રાપ્ત થઈ શકે છે પરંતુ અમે આપણી આત્મનિરીક્ષણમાં સાવચેત રહેવાની અને જાગૃત રહેવાની જરૂર છે, જે આપણા મનની કોઈપણ અપૂર્ણતાને ધ્યાનમાં રાખી શકે છે.

સાબરમતી ગાંધી આશ્રમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ

સાબરમતી સત્યાગ્રહ આશ્રમ સને ૧૯૧૫ માં પૂજ્ય મહાત્મા ગાંધી બાપુએ કોચરબ માં સ્થાપ્યો હતો, જ્યાં પૂ. ગાંધીબાપુ એ હરીજન સમાજના વ્યક્તિઓને આશ્રમમાં લાવતા જાતિવાદનો વિવાદ શરૂ થયો હતો, વિરોધ કરનારાઓ કર્યો, આજે બાપુ સ્થાપી સાબરમતી હરિજન આશ્રમમાં થી માત્ર હરીજન સમાજના મૂળ આશ્રમ વાસીઓને તગેડી દેવા બહુ મોટું ષડયંત્ર શરૂ થયેલ છે, જેનું નામ સાબરમતી ગાંધી આશ્રમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ,,,,

જેમાં હરિજનો નો જ ઉપયોગ કરી મૂળ આશ્રમ વાસી એવા હરીજન સમાજના લોકોને આશ્રમમાંથી બહાર કાઢી દેવા સરકાર દ્વારા નક્કી કરાયેલ નિયત રૂપિયા એક કરોડની માતદાર રકમ હોવા છતાં કેટલાક ટૂંકી બુદ્ધિના કહેવાતા આઈએસ/આઈપીએસ અધિકારીઓ દ્વારા મૂળ આશ્રમ વાસી હરીજન પરિવારોને માત્ર ૬૦ લાખ રૂપિયા આપી તગેડી દેવામાં આવ્યા હતા. જેમને તગડી દેવા માટે આશ્રમના ત્રણ અગ્રણી કાર્યકરો ને હાથા બનાવી ઉપયોગ કરી બાદમાં તેઓ ને પણ તગેડી દેવામાં આવ્યા, જે સત્ય હકીકત છે, જે અગ્રણી કાર્યકરો છેતરપિંડી નો ભોગ બન્યા છે, કોના દ્વારા તો તે પણ IS/ IPS અધિકારીઓ દ્વારા હવે પ્રશ્ન એ થાય છે કે મૂળ આશ્રમ વાસીવા ત્રણ આગેવાન કાર્યકરોને પણ અંદર લગાવી માર્યા આ લડાવવાનું કાર્ય દલિત આઈપીએસ અધિકારી ગૌતમ પરમાર દ્વારા કરવામાં આવ્યું છે, હવે પાછા ગૌતમ પરમાર હાલમાં આશ્રમમાં આંટાફેરા મારતા થયા છે, અને બે નાની નાની સોસાયટી બનાવવાની વાર્તા કરે છે, કારણ કે ૪૦સભ્યોની સંખ્યા ની સોસાયટી બને તો સરકારે નક્કી કર્યા મુજબની સુવિધાઓ આપવી પડે જે ત્રણેય અગ્રણી કાર્યકરો જાણે છે, અન્ય ઘણા આશ્રમ વાસીઓ પણ જાણે છે છતાં બુદ્ધિનું પ્રદર્શન કરતા કહેવાતા આશ્રમના કાર્યકરો આજે પણ અલગ અલગ સોસાયટીઓની રચના કરવા પ્રયત્નશીલ છે, પરંતુ હેમંત ચૌહાણ એક જ એવો છે કે જે પૂરેપૂરા ચાલીસ સભ્યોની સોસાયટી બને અને હાલમાં ૪૦ પરિવારો રહ્યા છે, જેમનો ફરી સર્વે થાય અને તે મુજબ સૌને સંતોષ થાય તે પ્રમાણે સોસાયટી બનાવી જોઈએ સોસાયટી તમામ સભ્યોને સાથે રાખી મીટીંગો કરી કેવા પ્રકારના મકાનો જોઈએ છે, કેટલી ખુલ્લી જગ્યા મળે તે સૌ એકબીજાની સહમતિથી જાહેર કરે અને પોતાના માજા મુજબના મકાનો મળે તે સૌ સાથે મળીને નક્કી કરે એવી હેમંત ચૌહાણની ખુલ્લી જાહેરાત છે, માટે ૪૦ પરિવારો પૈકીના કોઈપણ વ્યક્તિઓ બીજી સોસાયટીઓની રચનામાં ના પડે અને એક જ માંગણી કરે કે ૪૦ એ ૪૦ વ્યક્તિઓની સોસાયટી બને જેથી કરી સરકાર કે અધિકારીઓ સુવિધાઓ આપવા માંથી છટકી ન શકે, બીજી એક ચોખવટ એ પણ કરું છું કે હું પોતે ૩૦ જાન્યુઆરીએ ગાંધી નિર્વાણ દિન એ સાબરમતી આશ્રમમાં હૃદય કુંજ પાસે પ્રાર્થના ભૂમિમાં ૧૨ કલાકના પ્રાયશ્ચિત અંશન પર બેસવાનો હતો તે હાલમાં પ્રધાનમંત્રી ની અધ્યક્ષતામાં ગુજરાતમાં અને તે પણ અમદાવાદ ગાંધીનગરમાં જી ટ્વેન્ટી ની નું આયોજન કરવામાં આવ્યું છે માટે હાલનો મારો કાર્યક્રમ સંપૂર્ણ રીતે મોકુફ રાખેલ છે, પ્રાયશ્ચિત અનશન નો કાર્યક્રમ રાજ્ય સરકાર સામે નહીં પરંતુ પ્રોજેક્ટમાં જોડાયેલા પોતાની મનમાની કરતા આઈએસ/આઈપીએસ અધિકારી સામે છે, સરકાર સામે મારો કોઈ જ વિરોધ નથી, હું માનનીય વડાપ્રધાન શ્રીનરેન્દ્ર ભાઈ મોદી તેમજ ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર છું, તે ઉપરોક્ત અધિકારીઓ જાણી લે, હાલમાં હું મારી રીતે કાર્ય કરી રહ્યો છું, હવે આ અધિકારીઓને કંઈ આપવા પણ નથી, માગતો કે કંઈ લેવા પણ નથી માંગતો એટલું સમજી લે,

પ્રમુખ
હેમંતભાઈ એસ ચૌહાણ

સન્ડે સાયન્સ ક્લબના વિદ્યાર્થીઓએ ઉતરાયણ બાદ નકામી દોરીના ગૂંચળાનો મોટા પ્રમાણમાં જથ્થો એકત્ર કર્યો

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી,પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ધ્વારા વર્ષ દરમિયાન વિજ્ઞાનના જુદા જુદા કાર્યક્રમો નું આયોજન કરવામાં આવે છે. સાથો સાથ પર્યાવરણ,સ્વરછતા,ઉર્જા બચત ના જાગૃતિ કાર્યક્રમો પણ કરવામાં આવે છે. ઉતરાયણ બાદ નકામી દોરીના ગૂંચળાનો મોટા પ્રમાણમાં જથ્થો ધાબાપર અને રસ્તાઓ પર પડી રહે છે. જે પશુ પંખીઓના જીવનને હાની પહોચાડતો હોય છે. નિસર્ગ સાયન્સ સેન્ટર ધ્વારા સન્ડે સાયન્સ સ્કુલ ચલાવવામાં આવે છે જેના વિદ્યાર્થીઓએ નકામી દોરીના ગૂંચળાનો મોટા પ્રમાણમાં જથ્થો એકત્ર કરી નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે જમા કરાવી જીવદયાના ઉમદા કાર્યમાં સહભાગી થયા. નકામી દોરીના ગૂંચળાનો યોગ્ય નિકાલ કરવામાં આવશે.

અમદાવાદ શહેર નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહ સમિતિની બેઠક યોજાઈ

અમદાવાદ સરકિટ હાઉસ ખાતે આજે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ અંતર્ગત અમદાવાદ શહેર નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહ સમિતિની બેઠક યોજાઈ હતી.

આ બેઠક અન્વયે ગત માસની મીટીંગની કાર્યવાહીની નોંધ લેવામાં આવી તથા ગ્રાહક સુરક્ષા કાયદા હેઠળ ચાલતી ફેર પ્રાઈસ શોપ અંગેની કાયમી મંજૂરી અંગેની ચર્ચા કરવામાં આવી. આ સિવાય જનહિત ગ્રાહક સુરક્ષા મંડળની માન્યતા આપવા બાબત પણ ચર્ચા કરવામાં આવી.

આ બેઠકમાં નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ હેઠળ વાજબી ભાવની દુકાનો ઉપરથી લાભાર્થીઓને જાન્યુઆરી મહિનામાં વિતરણ પ્રમાણ અને ભાવ અંગેની વિગતોની માહિતી પણ આપવામાં આવી. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ રેશનકાર્ડ અને અન્ન સુરક્ષા કાયદા હેઠળ કરવામાં આવેલી તપાસણીની પણ ચર્ચા કરવામાં આવી.

બીપીએલ કાર્ડ, અંત્યોદય યોજના તથા નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ હેઠળ પ્રતિ વ્યક્તિ અને પ્રતિ કુટુંબ દીઠ મળતા વિનામૂલ્યે વિતરણના જથ્થા તથા ડેટાની માહિતી આપવામાં આવી.

આ મિટિંગમાં સ્થાનિક ધારાસભ્યશ્રીઓ અમિત ઠાકર, દિનેશ કુશવાહા, બાબુસિંગ જાધવ, દર્શનાબેન વાઘેલા, ડૉ. પાયલબેન કુકરાની, જિતેન્દ્રભાઈ પટેલ, અન્ન અને પુરવઠા નિયામકશ્રી, અન્ન અને પુરવઠા વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓ હાજર રહ્યાં હતાં.

તારીખ ૨૦ / ૦૧ / ૨૦૨૩ નારોજ જીલ્લા માહિતી કચેરી - ગાંધીનગર ના સૌજન્ય થી મહિલા કેળવણી મંડળ - કલોલ ના કલાકારોએ નાટક ના માધ્યમ થી ગુજરાત સરકાર ની વિવિધ જનકલ્યાણ ની યોજનાઓ નો પ્રચાર - પ્રસાર કર્યો હતો.ખૂબ જ મોટી સંખ્યા મા ગ્રામજનોએ હાજર રહી ને કાર્યક્રમ નો લાભ લીધો હતો.

શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ

અંતર્ગત ૮ મહિનામાં રાજ્યના ૮૮ લાખથી વધુ બાળકોનું સ્વાસ્થ્ય સ્ક્રીનીંગ કરવામાં આવ્યું

આરોગ્ય ટીમ દ્વારા છેલ્લા ૮ મહિનામાં દર મહિને ૧૧ લાખ જેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવીસ્ક્રીનીંગ દરમિયાન ૩૧૯૫ બાળકોમાં નિદાન થયેલ કિડની, હૃદય,કેન્સર સહિતની બિમારીઓની સફળતાપૂર્વક સારવાર કરવામાં આવી કિડની, લીવર અને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ જેવી ખર્ચાળ સર્જરી પણ આ યોજના અંતર્ગત સંપૂર્ણપણે નિઃશુલ્ક ઉપલ્ધ કરાઈ બાળકોને 4D (બર્થ ડિફેક્ટ, ડેવપલમેન્ટલ ડીલે, ડીસીઝ અને ડેફીસીઅન્સી) માટે મોબાઈલ હેલ્થ ટીમ દ્વારા ચકાસણી કરવામામં આવે છે.

રાજયમાં ૧૦૦૦ જેટલી ઈમ્જીદ્ધ મોબાઈલ હેલ્થ ટીમ કાર્યરત શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમ અંતર્ગત રાજયમાં એપ્રિલ-૨૦૨૨ થી ૧૯ જાન્યુઆરી ૨૦૨૩માં સુધીમાં રાજયના ૮૮ લાખ ૪૯ હજાર ૮૦૯ બાળકોની સ્વાસ્થ્ય સંબંધિત આરોગ્ય તપાસ - સ્ક્રીનીંગ કરવામાં આવી છે.શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવતા સ્ક્રીનીંગ પ્રક્રિયામાં બનાસકાંઠા જિલ્લામાં સૌથી વધું ૬ લાખ ૪૭ હજાર ૫૦૨ બાળકોનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું છે.

રાજય આરોગ્ય વિભાગ દ્વારા મળતી માહિતી અનુસાર ખેડા જિલ્લામાં ૪.૬૪ લાખ,સુરત કોર્પોરેશનમાં ૪.૫૩ લાખ,કચ્છમાં ૪.૪૪ લાખ, અમદાવાદ કોર્પોરેશનમાં ૩.૯૨ લાખ, મહેસાણામાં ૩.૯૦ લાખ,આણંદમાં ૩.૮૭ લાખ , રાજકોટમાં ૩.૨૭ લાખ બાળકોનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું છે.રાજયાના કેટલાક જિલ્લાઓએ ઉત્તમ પ્રદર્શન કરીને સ્ક્રીનીંગના નિર્ધારિત લક્ષ્યાંકના ૧૦૦ ટકા થી વધુ પુર્ણ કર્યા છે. જેમાં સુરત જિલ્લામાં સર્વશ્રેષ્ઠ ૧૬૫ ટકા કામગીરી થઈ છે.

રાજયના ૮૮.૪૯ લાખ સ્ક્રીનીંગ થયેલ બાળકોમાંથી ૩૧૯૫ જેટલા બાળકોમાં કિડની, હૃદય, કેન્સર જેવી વિવિધ બિમારીઓનું નિદાન થયું હતુ. જેની સફળતાપૂર્વક સારવાર આપવામાં આવી છે.

જેમાં ૨૧૧૦ બાળકોની હૃદયરોગ સંબધિત સારવાર, ૭૨૪ કિડનીની સારવાર, ૩૩૭ કેન્સરની સારવાર આપવામાં આવી છે.૧૩ બાળકોના કીડની ટ્રાન્સપ્લાન્ટ, ૧૦ બાળકોના બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ અને ૧ બાળકના લીવર ટ્રાન્સપ્લાન્ટની સારવાર પણ આ યોજના અંતર્ગત સમાવિષ્ટ કરીને બાળકોને લાભ આપવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત રાજયના ૦ થી ૧૮ વર્ષના તમામ બાળકોનું સ્વાસ્થ્ય અને આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર બાળકોની આરોગ્ય તપાસણી અને સારવાર અને રેફરલ સેવાઓ જેવી ઉમદા અને ગણવતા સભર સેવાઓ રાજય સરકાર તરફથી પુરી પાડવામાં આવે છે.

શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમ હેઠળ નિર્ધારીત પ્લાન મુજબ નવજાત શિશુ થી ૬ વર્ષના આંગણવાડીના બાળકો, ધો.૧ થી ૧૨ માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓ, ૧૮ વર્ષ સુધીના શાળાએ જતાં અને ન જતાં બાળકો, આશ્રમશાળા, મદ્રેસા, ચિલ્ડ્રન હોમના બાળકોને આર.બી.એસ.કે. મોબાઈલ હેલ્થ ટીમ દ્વારા નિયમિત રીતે તમામ બાળકોની આરોગ્ય ચકાસણી અને સંદર્ભ સેવા દ્વારા સારવાર પુરી પાડવામાં આવે છે.

રાજ્યમાં કુલ ૧૦૦૦ જેટલી RBSK(રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમ) મોબાઈલ હેલ્થ ટીમો કાર્યરત છે.દરેક ટીમમાં બે આયુષ ડોક્ટર (મેલ અને ફિમેલ) એક ફાર્માસીસ્ટ અને એક સ્ત્રી આરોગ્ય કાર્યકરનો સમાવેશ થાય છે.

"ક્લિન-ગ્રીન ઊર્જાયુક્ત ગુજરાત" વિષય આધારિત નવી દિલ્હીમાં પ્રજાસતાક દિને રજૂ થશે ગુજરાતની ઝાંખી

કચ્છ-મોઢેરાની સાંસ્કૃતિક ઝલક અને સૌર-પવનઊર્જાના વિજ્ઞાનિક-તકનીકી અભિગમનું એકીકરણ કરીને પુનઃ પ્રાપ્ય-હરિત અને શુદ્ધઊર્જાના નિર્માણ દ્વારા ઊર્જાક્ષેત્રે દેશ અને દુનિયાને નવી રાહ ચીંધવાનો ઝાંખી દ્વારા સુંદર પ્રયાસ ઝાંખીના મુખ્ય આકર્ષણનું કેન્દ્રો : કચ્છમાં આકાર લઇ રહેલા વિશ્વનો સૌથી વિશાળ હાઈબ્રીડ રિન્યુએબલ એનર્જી પાર્ક, દેશનું સૌ પ્રથમ ૨૪૮૭ સોલાર ઊર્જા મેળવતું મોઢેરા ગામ, PM-KUSUM યોજના થકી ખેડૂતોની ખુશહાલી અને કેનાલ રુફટોપથી થતા સૌરઊર્જાનું ઉત્પાદન નવી દિલ્હી, તા. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૩: ગુજરાતે સતત નવતર પ્રયોગો અને પ્રયાસો કરીને રાષ્ટ્રને નવી દિશા આપવાનું કાર્ય કરે છે. આ ઉપક્રમને બરકરાર રાખીને તા.૨૬ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ નવી દિલ્હીના 'કર્તવ્યપથ' પર આયોજિત થનારી પ્રજાસત્તાક દિનની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાત ''ક્લિન-ગ્રીન ઊર્જાયુક્ત ગુજરાત'' વિષયને આવરી લેતી ઝાંખી રજૂ થનારી છે. જે દેશ અને દુનિયાને પુનઃ પ્રાપ્ય ઊર્જાસ્ત્રોતોનાં પ્રયોગથી હરિત અને શુદ્ધ ઊર્જાનું નિર્માણ કરીને આત્મનનિર્ભર બનવાનો સંદેશ આપશે.સમગ્ર વિશ્વ આજે પરંપરાગત ઊર્જાસ્ત્રોતોની કટોકટીનો સામનો કરી રહ્યું છે. આ સ્ત્રોતો કાળક્રમે ક્ષીણ થઇ રહ્યા છે, તો બીજી તરફ આ ઊર્જાસ્ત્રોને લીધે પ્રદુષણ વધતા સમગ્ર પૃથ્વી ઉપરનું તાપમાન વધી રહ્યું છે, જેના લીધે દુનિયાના સંખ્યાબંધ દેશો ''ક્લાઈમેટ ચેન્જ''ના કારણે પૂર, ભૂ સ્ખલન, ત્સુનામી, ભૂકંપ જેવી કુદરતી આપદાઓનો સામનો કરી રહ્યા છે, જેની ગંભીર ચિંતા ચાલુ વર્ષે ˜nited Nations Climate Change Conference or Conference of the Parties of the UNFCCC દ્વારા કરવામાં આવી છે.

આ વિપરીત પરિસ્થતિનો મુકાબલો કરવા, પૃથ્વીના વાતાવરણને શુદ્ધ અને હરિયાળું રાખવા તથા UN Sustainable Development Goals (SDG) ™k Affordable and Clean Energyના લક્ષ્યાંકોને સિદ્ધ કરવા માટે પુનઃ પ્રાપ્ય અને બિનપરંપરાગત ઊર્જાના સંસાધનોનો ઉપયોગ કરવાનું ગુજરાતે બીડું ઝડપ્યું છે. ગુજરાતે વર્ષ-૨૦૦૯માં ''ક્લાઈમેટ ચેન્જ''નો એક અલાયદો વિભાગ બનાવીને બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોત : પવન ઊર્જા, સૌર ઊર્જા, જૈવિક ઊર્જા, હાઈડ્રો પાવર દ્વારા સંચાલિત વિવિધ પ્રોજેક્ટ્સ શરુ કર્યા છે. આજે દેશમાં ગુજરાત બિનપરંપરાગત ઊર્જાના ઉત્પાદનમાં અગ્રેસર છે. પ્રસ્તુત ઝાંખીના પ્રથમ ભાગમાં ગુજરાતના કચ્છના ખાવડા ખાતે આકાર લઇ રહેલા દુનિયાના સૌથી વિશાળ હાઈબ્રીડ (સોલાર અને વિન્ડ) રિન્યુએબલ એનર્જી પાર્કનું નિદર્શન છે. બિનપરંપરાગત ઊર્જાના અખૂટ સ્ત્રોત સ્વરૂપ સૂર્ય અને પવનને પ્રતીકાત્મક રીતે હાથમાં ધારણ કરેલી એક ખુશહાલ કન્યાને કચ્છના ભાતીગળ પહેરવેશમાં દર્શાવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ-૨૦૧૧થી ગુજરાતના પાટણ જિલ્લાના ચારણકા ગામમાં રાજ્યનો સૌ પ્રથમ સોલાર પાર્ક કાર્યરત છે જ !

જ્યારે ઝાંખીના પૃષ્ઠભાગમાં ગુજરાતનું જાણીતું સૂર્યમંદિર જ્યાં આવેલું છે; તે મોઢેરા ગામ BESS (Battery Energy Storage System) મારફતે દેશનું સૌ પ્રથમ ૨૪૮૭ સોલાર ઊર્જા મેળવતું ગામ બન્યું છે. તાજેતરમાં જ યુનાઈટેડ નેશન્સ(UN)ના સેક્ટરી-જનરલ અન્ટોનિઓ ગુટરસે (Antonio Guterres) સૌરઊર્જાથી આત્મનિર્ભર બનેલા મોઢેરાની મુલાકાત લઈને ગુજરાતના આ કાર્યની ખૂબ પ્રસંશા કરી હતી.

આ સાથે ˜M KUSUM (Pradhan Mantri Kisan Urja Suraksha evam Utthan Mahabhiyan)યોજના મારફત સોલાર રૂફટોપથી ખેતીમાં સિંચાઈ, કેનાલ રૂફટોપથી ઊર્જા ઉમાદન, અન્ય અસ્કયામતો ઉપર પવન-સૂર્ય ઊર્જાથી ક્લિન-ગ્રીન ઊર્જા ઉત્પાદન કરીને આ ક્ષેત્રે આત્મનિર્ભરતા તેમજ આર્થિક ઉપાર્જનથી રાજ્યમાં થયેલી સુખદ ઊર્જાક્રાંતિને પ્રદર્શિત કરવામાં આવી છે. આ ઉપરાંત, કચ્છના સફેદ રણ, પારંપરિક રહેઠાણ ભૂંગા, કચ્છી પરિવેશમાં સજ્જ રણના વાહન ઊંટને દોરી જતી ગ્રામીણ કચ્છી મહિલા સહિતના ઘણા આકર્ષણો વિન્ડફાર્મ અને સોલાર પેનલ્સ સાથે આ ઝાંખીમાં રજૂ કરવામાં આવ્યા છે.ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા પ્રસ્તુત આ ઝાંકીના નિર્માણમાં માહિતી અને પ્રસારણ સચિવ સુશ્રી અવંતિકાસિંઘ ઔલખ, માહિતી નિયામકશ્રી આર.કે.મહેતા, અધિક નિયામકશ્રી અરવિંદ પટેલના માર્ગદર્શનમાં શ્રી પંકજભાઈ મોદી તથા નાયબ માહિતી નિયામક સંજય કચોટ યોગદાન આપી રહયા છે. ઝાંખીનું નિર્માણ સ્માર્ટ ગ્રાફ આર્ટ એડવર્ટાઈઝિંગ પ્રાઈવેટ લિમિટેડના શ્રીસિદ્ધેશ્વર કાનુગા કરી રહયા છે. આ ઝાંખી મારફતે બિનપરંપરાગત ઊર્જાસ્ત્રોતોથી ઉજ્જ્વળ અને આર્થિક રીતે અગ્રેસર ગુજરાતે Nª Zero Emission ŒÚkk Affordable and Clean Energy ના ઉપયોગ વડે વિશ્વનું માર્ગદર્શક બની રહે તેવો અસરકારક સંદેશ આપવામાં આવ્યો છે.

ઘૂંઘરૂના ઝનકાર અને નર્તનથી સર્જાયો નયનરમ્ય નજારો

મહેસાણા વિશ્વ પ્રસિધ્ધ ઐતિહાસિક મોઢેરા સૂર્યમંદિરના પ્રાગણમાં ઘૂંઘરૂના નાદ, નર્તન અને વાયોલિન વાદનથી નયન રમ્ય નજારો સર્જાયો હતો. ઉત્તરાયણ પછી ઉજવાતા શાસ્ત્રીય નૃત્ય પર્વ દ્રિ દિવસીય ઉત્તરાર્ધ ઉત્સવનો પ્રારંભ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ ,સંસદ સભ્ય શ્રીમતી શારદાબહેન પટેલ,જિલ્લા પંચાયત પ્રમુખ પ્રહલાદભાઈ પરમાર,ધારાસભ્ય સર્વે શ્રી સુખાજી ઠાકોર ,કે.કે.પટેલ, સરદાર ભાઈ ચૌધરી,સહિત કલાકારશ્રીઓ એ દીપ પ્રાગટ્ય કરી શુભારંભ કર્યો હતો.

મહેસાણા જિલ્લાના મોઢેરા સૂર્યમંદિર ખાતે રાજ્ય સરકાર દ્વારા ૧૯૯૨ ના વર્ષથી ઉત્તરાર્ધ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આ મહોત્સવનું આયોજન કરાયું છે.

પ્રાચીન નગરી મોઢેરા ખાતે અદ્રિતિય સ્થાપત્ય કલા અર્ચના અને શાસ્ત્રીય નૃત્યનો નગર ઉત્સવ ઉજવવામાં આવતો હતો. રાજ્ય સરકાર દ્વારા શિલ્પ,સ્થાપત્ય,સંસ્કૃતિ અને કલાને જીવંત રાખવા દર વર્ષે મોઢેરા ખાતે ઉત્તરાર્ધ મહોત્સવ યોજાઇ રહ્યો છે.

મોઢેરા ઉત્તરાર્ધ મહોત્સવના ઉદ્ઘાટન પ્રસંગે આરોગ્ય ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, સુર્યનુ મકર રાશિમાં પ્રવેશ બાદ તેની ઉજવણીના ભાગ રૂપે ઉત્તરાર્ધ મહોત્સવ યોજવામાં આવે છે.સુર્યની પુજા સાથે સંકળાયેલ આ મહોત્સવ સુર્ય વંદનાને મહત્વ આપે છે..આ પવિત્ર મહોત્સવના સંગમનું કલામય રસપાન કરવા કલારસિકો,દેશ-વિદેશમાં લોકો મહોત્સવનો આનંદ માણે છે.આ મહોત્સવ થકી રાજ્યના ભવ્ય વારસને અને સ્થાપત્યને વિશ્વભરમાં યશસ્વી અને ગૌરવપ્રદ બનાવે છે.મહોત્સવે રાજ્યની સંસ્કૃતિને વધુ ઉન્નત સ્વરૂપ આપી વિશ્વકક્ષાએ નામના અપાવી છે.

આરોગ્ય મંત્રીશ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, આ મહોત્સવ થકી સાંસ્કૃતિક વારસાનુ મૂલ્ય વધ્યું છે. કલાકારોની કલા,ભાવના આ મહોત્સવથી ઉજાગર થાય છે. તેમણે ઉમેર્યું હતું કે સાંસ્કૃતિક ધરોહરને વિશ્વ સ્તરે લઈ જવા માટે સરકાર કટિબદ્ધ છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે , દેશના પ્રધાનમંત્રી શ્રી દ્વારા શરૂ કરાયેલ ઉત્તરાર્ધ મહોત્સવ જેવા અનેક મહોત્સવથી રાજ્યની રાજ્યની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને વેગ મળ્યો છે નૃત્ય એટલે આત્માનું સંગીત, નૃત્યનો હેતું સનાતન સત્યોની સોંદર્ય દ્વારા પ્રતીતી કરાવવાનો છે.આપણાં સાંસ્કૃતિ નૃત્યો પવિત્ર સ્વરૂપમાં જળવાઇ રહ્યાં છે.મોઢેરા સંગીત,નર્તન અને સ્થાપત્યના ત્રિવેણી સંગમનું મહોત્સવના દિવસે સાક્ષી બન્યું હતું.વિશ્વનું અદભુત સ્થાપત્ય બેનમુન મોઢેરા સૂર્યમંદિરની સાંસ્કૃતિક પરંપરા નિરંતર જાળવી રાખી છે.આ મહોત્સવમાં પ્રથમ દિવસે ઉત્તરપ્રદેશના સુશ્રી દેવીકા દેવેન્દ્ર દ્વારા કથ્થક નૃત્ય,અમદાવાદના શ્રીમતી રૂચા ભટ્ટ દ્વારા ભરત નાટ્યમ,અમદાવાદના સુશ્રી બિના મહેતા દ્વારા કુચીપુડી,વડોદરાના સુશ્રી જીગ્નીષા વૈધ દ્વારા કથ્થક,અમદાવાદના સુશ્રી સુપ્રવા મિશ્રા દ્વારા ઓડીસી,કલકત્તાના શ્રી સોમભા બન્ડોપાધ્યાય દ્નારા મણીપુરી તેમજ અમદાવાદના સુશ્રી અભિતા પટેલ દ્વારા ગાયન રજૂ કરવામાં આવ્યું હતું

આ પ્રસંગે ,જિલ્લા કલેકટર એમ.નાગરાજન,યુવક સેવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિઓના નિયામક બી.જી.પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારી ડો ઓમ પ્રકાશ,જિલ્લા પોલીસ અધિક્ષક અચલ ત્યાગી,નિવાસી અધિક કલેકટર ઈન્દ્રજીતસિંહ વાળા,પ્રાન્ત અધિકારી કડી સહિતના અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ કલારસિકો ઉપસ્થિત રહ્યાં હતા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.